ॐ

# શ્રી રામકબીર સત્ય છે.

=== આરતી-ભજન-કીર્તન સંગ્રહ ===

**ૐ શ્રી રામકબીર સત્ય છે.**

નવેમ્બર, ૨૦૨૫

પ્રથમ આવૃત્તિ

---

QR codes

In this publication, we have utilized QR codes like below which provide links to related media. Certain bhajans have a dedicated webpage which you can easily access by scanning the provided QR code.

**YouTube**

(playlists)

Kirtan

Aarti

Funeral

Bilaval

Ashavari

Sarang

Charchari

# નિવેદન

આપણા ભક્ત સમાજમાં ઘણા પુસ્તકો ભજનોના સંગ્રહરૂપે જોવા મળે છે. તેમાં આ એક અંતિમ સમયના પદોનો સંગ્રહ ફરીથી તૈયાર કર્યો છે. આજના ભજનિકોએ નરસિંહ મહેતા, મીરાંબાઈ કે કબીર સાહેબને ભલે ન જોયા હોય પણ તેઓ પોતાના ભક્તિભાવના નિચોડરૂપે અક્ષરદેહ રૂપી સંતવાણી રચી ગયા છે. એમની વાણીનો સ્વરૂપ દ્વારા તેમની ઓળખ પામ્યા છે. અને તે રચનાઓ આપણે સમાજમાં આપણી પ્રણાલિકા મુજબ ભજનો ગાઈને આનંદ લઈએ છીએ. આ ભજનોને ગાયક પોતાની અંતરભાવનાથી જુદાજુદા રાગમાં ગાઈ શકે છે. **આપણી ભક્ત તરીકેની ઓળખમાં ભજન પહેલા છે**. આજે નહિ ને કાલે દરેકને આધ્યાત્મિક ભાવના ઉદ્‌ભવશે જ એવી અમારી માન્યતા છે.

આ ભજનોનો લાભ સૌ ભક્તજન લઈ શકે અને આપણી સમાજની પ્રણાલિકા ચાલુ રહે તે માટે સૌએ સજાગ રહેવું જોઈએ. ભગવાન સૌનું ભલુ કરે અને ભાઈચારો વધારે. રામકબીર.

## સાખી - ૧૧ : હૃદયા ભીતર આરસી ...

**કબીર સાખી સુધા**

સંપાદક : શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ (પરમાર્થી)

**હૃદયા ભીતર આરસી, મુખ દેખા નહીં જાય**
**મુખ તો તબહી દેખિ હો, દિલકી દુબિધા જાય !**

હૃદય રૂપી આરસીમાં આત્માનું મુખ દેખાતું નથી. મુખ તો ત્યારે જ દેખાય છે કે જ્યારે હૃદય રૂપી આરસી પર શંકા-કુશંકા રૂપી ધૂળ ન જામી હોય!

નોંધ : આરસીમાં એટલે કે દર્પણમાં મોઢું જોવું હોય તો આરસી સાફ રાખવી પડે ને આંખ પણ બરાબર રાખવી પડે. હૃદયમાં આત્મા બુદ્ધિથી જોઈ શકાય છે. હૃદય દ્વિધાઓથી, શંકા કુશંકાઓથી અશુદ્ધ હોય તો બુદ્ધિ આત્માનું દર્શન ન કરી શકે. તે જ રીતે બુદ્ધિ પણ દોષિત હોય તો આત્માનું દર્શન થતું નથી. આત્માનું દર્શન કરવા માટે હૃદય પણ સ્વચ્છ, પવિત્ર રાખવું જરૂરી છે ને બુદ્ધિ પણ શુદ્ધ રાખવી જરૂરી છે. આરસીના દૃષ્ટાંતથી કબીર સાહેબ આપણને બંને વસ્તુનો બોધ આપે છે.

|| સત્યનામ ||




સદ્‌ગુરુ કબીર સાહેબ

ॐ

# અનુક્રમણિકા


૧. શ્રી ગુરુને પાયે લાગું ............................................. ૧
૨. બહુત ભલો હૈ ભાઈ ............................................. ૨
૩. કાહે ન મંગલ ગાયે ............................................. ૩
૪. આરતી હો દેવ શિરોમણી તેરી ............................... ૪
૫. શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ ........................................... ૬
૬. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ............................................. ૮
૭. શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય ....................................... ૧૧
૮. અમૂલ્ય તત્વવિચાર ............................................. ૧૪
૯. ઓ ઈશ્વર ભજીએ તને ........................................... ૧૬
૧૦. સદ્‌ગુરુ સંત કબીર, પાયે લાગું .............................. ૧૮
૧૧. સ્વજનની ભેટ જે દેતો .......................................... ૧૯
૧૨. જોને વિચારી તું જીવડા ........................................ ૨૦
૧૩. જે કુલમેં કોઇ ભક્ત ન કહાવે ................................ ૨૧
૧૪. વૈષ્ણવ જન તો તેને કહીએ .................................. ૨૨
૧૫. હરિને ભજતાં હજી કોઇની લાજ ............................. ૨૩
૧૬. જૂનું તો થયું રે દેવળ ........................................... ૨૪
૧૭. ઝીની ઝીની બિની ચદરિયાં ................................... ૨૫
૧૮. એક જ દે ચિનગારી મહાનલ ! ............................. ૨૬
૧૯. વરદ હસ્ત પ્રભુ તમારો ........................................ ૨૭
૨૦. વંદન કરું પ્રભુ ચરણોમાં આજે .............................. ૨૭
૨૧. આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો ..................... ૨૮

૨૨. મંગલ મંદિર ખોલો દયામય .................................. ૨૯
૨૩. પ્રભુ દ્વાર તમારા ખોલો રે ....................................... ૩૦
૨૪. મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે ! ............... ૩૧
૨૫. નહિ રે વિસારું હરિ ................................................ ૩૨
૨૬. જ્યાં લગી આત્મા અંગમાં છે ................................. ૩૩
૨૭. ભક્તિ કરતા છુટે મારા પ્રાણ ................................. ૩૪
૨૮. હે હરિ તારા ચરણકમળમાં .................................... ૩૫
૨૯. પ્રભુ મારા પિતાને શાંતિ ધરી દો ............................ ૩૬
૩૦. પ્રભુ મારી માતને શાંતિ ધરી દો ............................ ૩૬
૩૧. હે નાથ જોડી (અંજલિ) ......................................... ૩૭
૩૨. સત્યનામ સદ્ગુરુ કબીર હૈ પ્યારે ............................ ૩૮
૩૩. ધૂન ........................................................................ ૩૯
૩૪. ઈશ-ઉપનિષદના મંત્રો ........................................... ૩૯
૩૫. ૐ જય સાહેબ કબીર ............................................ ૪૦

## વિભાગ – ૨

૩૬. શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન ..................................... ૪૧
૩૭. શ્રી હનુમાન ચાલીસા ............................................. ૪૩
૩૮. પ્રભુની રચના છે એવી ........................................... ૪૬
૩૯. તમે ભાવે ભજી લ્યો ભગવાન ................................ ૪૮
૪૦. સગપણ શ્રીવરનું સાચું રે ....................................... ૪૯
૪૧. એકલ પંથી ધામ હરીનું ........................................ ૫૦
૪૨. આ જીવન પડદા પાછળ રે કોણ છે ઉભુ ? ............. ૫૧

૪૩. આ દેહ ખરેખર કોનો રે જાણી તું લેજે .................... ૫૨
૪૪. હે હરિ !  તારે દ્વારે મુજને ...................................... ૫૩
૪૫. પ્રભુ દ્વારે તિરાડ પાડો રે જોઈ શકીએ તમને ........... ૫૪
૪૬. મનવા લેને હરિનું નામ ...................................... ૫૫
૪૭. સંત સમાગમ કીજે, હો નિશદિન ............................ ૫૬
૪૮. સંત પરમ હિતકારી, જગત માંહી .......................... ૫૬
૪૯. હરિ ભજતાં સુખ હોય, સમજ મન ......................... ૫૭
૫૦. યૂંહી જન્મ ગુમાત, ભજન બિન ............................ ૫૭
૫૧. ભક્તિતત્વ ('શ્રીમદ્ ભગવદ્ ગીતા', અધ્યાય ૧૨) ...... ૫૮
૫૨. ભક્તિ સતગુરુ એ આની ...................................... ૬૧
૫૩. હરિજન ભક્તિ ન છાંડે ........................................ ૬૨
૫૪. ગૌચારી ઘેર આવે .............................................. ૬૨
૫૫. આરતી કીજે નરસિંહ પ્રભુકી .................................. ૬૩
૫૬. આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે ........................... ૬૪
૫૭. ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો .......................... ૬૫
૫૮. હરિનો મારગ છે શૂરાનો .................................... ૬૬
૫૯. સંત કૃપાથી છૂટે માયા ....................................... ૬૭
૬૦. અમને અંત સમયે લેવા આવજો રે ...................... ૬૮
૬૧. ભજો મન રે પંખીડા ........................................... ૬૯
૬૨. ભજો રે ભૈયા રામ ગોવિંદ હરી ............................ ૭૦
૬૩. સુંદિર શ્યામ શરીર, મોરે મન .............................. ૭૦
૬૪. ભૂતળ ભક્તિ પદારથ મોટું .................................. ૭૧
૬૫. નારાયણનું નામ જ લેતાં ................................... ૭૨

૬૬. હરિની ભક્તિ વિના જે જન જીવે ............................ ૭૩
૬૭. ચલના રે મેરે ભાઇ ................................................ ૭૪
૬૮. હરિ તારા બાનાની પત રાખ .................................. ૭૫

## બિલાવલ

• ૬૯. તુમ જો દયાલ મોંસે બહુત કરી રે ........................... ૭૬
• ૭૦. રામ કહો પિંજર કે સુવા ......................................... ૭૬
• ૭૧. તુમ મેરી પ્રભુતા બહુત કરી રે ................................ ૭૭
• ૭૨. જબ તેં મન પ્રતીત ભયી ........................................ ૭૮

## આશાવરી

• ૭૩. જેને બ્હાનુ શામળિયાનું ........................................ ૭૯
• ૭૪. કબીર હરિરંગ લાગા હો ......................................... ૮૦
• ૭૫. રામ રાય મનકી આશા પાઉં ................................... ૮૧
• ૭૬. રાજા રામ જપો મેરે ભાઈ ....................................... ૮૨
• ૭૭. દેહડી થશે મિટ્ટી ..................................................... ૮૩

## સારંગ

• ૭૮. રામકો નિત્ય કીજે સુમરણ ..................................... ૮૪
• ૭૯. રામ ભજન વિસરી હો ગયા ................................... ૮૪
• ૮૦. કાહે કો દેહ ધરી ભજન વિના ................................. ૮૫
• ૮૧. કાહે ન ભજે રે ગોપાલ મન તું ............................... ૮૫
• ૮૨. મંદિર દેખ ડરે સુદામાજી ......................................... ૮૬
• ૮૩. ગોવિંદ નામ ધર્યો કીન તેરો ................................... ૮૭

## ચરચરી


• ૮૪. ઘડી રે ઉપર ઘડીયારા વાગે .......................... ૮૮
• ૮૫. જોબનિયાને જોરે તું તો ................................. ૯૦
૮૬. કહો ભાઈ રૂડું તેં શું કર્યું .................................. ૯૧
૮૭. નોતરૂં મારે નારાયણનું .................................... ૯૨
૮૮. અંતર્યામીને નથી અજાણ્યું ................................ ૯૩
૮૯. ૐ તત્સત્ શ્રી નારાયણ તું ............................... ૯૪
૯૦. સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે ...................... ૯૫
૯૧. આનંદ મંગલ કરું આરતી .....,,,,,,,..................... ૯૫
૯૨. આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો ................. ૯૬
૯૩. હું તો હરજી જોવાને નિસરી .............................. ૯૬
૯૪. તું તો રામ રટણ કર રંગમાં ............................ ૯૭
૯૫. જીવ તું કહાંસે આયો ........................................ ૯૮
૯૬. સમજ-સુમરત સત્નામ .................................... ૯૯
૯૭. મૃત્યુ એ તો નિર્મિત છે સંસારમાં ...................... ૯૯
૯૮. યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના ........................ ૧૦૦
૯૯. અસત્યો માંહેથી... .......................................... ૧૦૧


## આરતી


• ૧૦૦. ૐ જય જગદીશ હરે ..................................... ૧૦૨
• ૧૦૧. ૐ જય કાના કાળા ........................................ ૧૦૩
• ૧૦૨. શ્રી રામકબીર ભગવાન ................................... ૧૦૪
• ૧૦૩. સાહેબ આરતી કરીએ તમારી ......................... ૧૦૬
• ૧૦૪. આનંદ મંગલ કરું આરતી ............................. ૧૦૮

તૂ તો રામ સુમર જગ લડવા દે

કોરા કાગજ કાળી શાહી;
    લિખત પઢત વા કો પઢવા દે ...   તૂ તો.

હાથી ચલત હૈ અપની ગતમેં;
    કૂતર ભૂક્ત વા કો ભૂંકવા દે .......   તૂ તો.

ચંડી ભૈરવ સિતલા દેવી,
    દેવ પુંજૈ તો પૂજને દે ................   તૂ તો.

કહત કબીર સૂનો ભાઈ સાધો;
    નરક પચત વા કો પચવા દે .....   તૂ તો.

## ૧. શ્રી ગુરુને પાયે લાગું

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૭)

શ્રી ગુરુને પાયે લાગું, પહેલા વહેલા, શ્રી ગુરુને પાયે લાગું;
કૃપા કરો તો કૃષ્ણ સેવા કરું, બીજું હું કાંઇ ન માગું ........... ટેક

દીયો ઉપદેશ સદા સુખકારી, જો મન નિર્મલ થાય;
ત્રિવિધ તાપ મત્સર[૧] મોહ મમતા, વિકાર સઘળો જાય ....... ૧

ગુરુ દર્શનનો મહિમા મોટો, જાણે સંત સુજાણ[૨];
ભાવ ધરી ગુરુ સેવા કરશે, પામે પદ નિર્વાણ[૩] .................. ૨

વેદ, પુરાણ, ભાગવત બોલે, જેને હોયે ગુરુજીનો દૃઢ વિશ્વાસ;
શ્રી ગુરુ નારાયણ તેને મળશે, કહે જન વૈષ્ણવદાસ .......... ૩

૧. અદેખાઈ    ૨. જ્ઞાની    ૩. મોક્ષ

## ૨. બહુત ભલો હૈ ભાઈ

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૮)

બહુત ભલો હૈ ભાઈ, અવસર, બહુત ભલો હૈ ભાઈ;
મનષા દેહ દેવતાકો દુર્લભ, સો દેહી તેં પાઈ .................. ટેક

તજ પાખંડ અવિદ્યા પ્રપંચ, છોડ ગુમાન બડાઈ;
માત તાત સ્વાર્થ કે લોભી, માયા જાળ બંધાઈ ................ ૧

જબ લગ જરા[૧] નિકટ નહીં તેરે, લે ગુરુ જ્ઞાન બડાઈ[૨];
સંત સંગત મિલી ભજો ભગવંત, સો હી સકલ[૩] સુખદાઈ .... ૨

કહું પોકાર ચેત નર અંધે, આ તન એળે ગુમાઈ;
કહે કબીર દેહી કાચકો કુંપો[૪], બિનસત[૫] બેર[૬] ન લાઈ[૭] .......૩

૧. ઘડપણ    ૨. અભિમાન    ૩. બધી રીતે    ૪. ઘડો
૫. વિનાશ થતાં    ૬. વાર    ૭. લાગે

## ૩. કાહે ન મંગલ ગાયે

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૯)

કાહે ન મંગલ ગાયે, જશોદા મૈયા, કાહે ન મંગલ ગાયે;
પુરણ બ્રહ્મ[1] અખંડ અવિનાશી, સો તેરી ધેનૂ ચરાવે ......... ટેક

કોટિ કોટિ બ્રહ્માંડના કર્તા, જપ તપ ધ્યાન ન આવે;
ના જાણું એ કોન પુન્યસે, તાકો ગોદ ખિલાવે ................. ૧

બ્રહ્માદિક ઇન્દ્રાદિક શંકર, નિગમ[2] નેતિ કરી ગાવે;
શેષ સહસ્ત્ર[3] મુખે જપે નિરંતર, સો તાકો પાર ન પાવે ..... ૨

સુંદર વદન કમલ દલ લોચન, ગૌધેનૂ કે સંગે આવે;
આરતી કરત જશોદા મૈયા, કબીરજી દર્શન પાવે ............ ૩

૧. અણુ અણુમાં વ્યાપેલા પરમાત્મા   ૨. શાસ્ત્રો   ૩. હજાર

## ૪. આરતી હો દેવ શિરોમણી તેરી

(નાદબ્રહ્મ પદ-૨૯)

આરતી હો દેવ શિરોમણી તેરી;
અવિગત[૧] વિગત જુગત નહીં જાણું,
ક્યોં પહોંચે બુધ[૨] મેરી ... ટેક

નિરાકાર નિર્લેપ[૩] નિરંજન, ગુણ અતીત તુમ દેવા;
જ્ઞાન ધ્યાન સે રહે ન્યારા[૪], કિસબિધ કીજે સેવા ................ ૧

નિગમ[૫] નેતિ[૬] બ્રહ્માદિક ખોજે, શેષ પાર નહીં પાવે;
શંકર ધ્યાન ધરે નીશી બાસર[૭], સો ભી અગમ[૮] બતાવે .......૨

સબ ગાયે અનુમાન આપણે, તમ ગતિ લખીએ ન જાયે;
કહે કબીર કૃપા કરી જન[૯] પર, જ્યોં હૈ ત્યોં સમજાયે .......... ૩

૧. પ્રભુ જાણી શકાતા નથી માટે અવિગત-જેની માહિતી નથી તેવા
૨. યુક્તિ-જાણવાની યુક્તિ પણ નથી
૩. અલિપ્ત-વેગળા
૪. જ્ઞાન ને ધ્યાનથી જાણી શકાતા નથી માટે અનોખા
૫. શાસ્ત્રો
૬. 'આ નહિ', 'આ નહિ', આવી નકારાત્મક પ્રદ્ધતિથી
૭. રાતદિવસ
૮. જાણી શકાય નહિ એવા
૯. જેના પર

# સાખી - ૧૮ : મન કહે કબ જાઈએ ...

**કબીર સાખી સુધા**

સંપાદક : શ્રી ઈશ્વરભાઈ પ્ર. પટેલ (પરમાર્થી)

**મન કહે કબ જાઈએ, ચિત્ત કહે કબ જાંવ**
**છૌ માસ કે હિંડતે, આધ કોસ પર ગાંવ !**

જ્યારે મન આતુરતાપૂર્વક વિચાર કરે છે કે ક્યારે પરમાત્માના પ્રદેશમાં પહોંચી જાઉં. ત્યારે તેવા પરમાત્માની લગની વાળા ચિત્ત વડે જો સાધના કરવામાં આવે તો માત્ર છ માસમાં જ તેને પરમાત્માની અનુભૂતિ થવા લાગે છે. તે દશામાં તેને પરમાત્મા તદ્દન નજીક જ હોવાનો અનુભવ થાય છે.

નોંધ : આ કબીર સાહેબના અનુભવનું વચન કહેવાય વળી તેમણે સાધકોને ખાત્રી પણ આપી કહેવાય કે જો નિષ્ઠાપૂર્વક સાધનાની મહેનત કરવામાં આવે તો અવશ્ય પરમાત્માની ઝાંખી માત્ર ટૂંકા ગાળામાં જ થવા લાગે છે. કબીર સાહેબે સાધક માટે પ્રેમભક્તિની સાથે સાથે ધ્યાન યોગની કેડી કંડારી આપી છે.

આ સાખીમાં 'હિંડત' ક્રિયાપદ ગુજરાતી ભાષાનું સ્મરણ કરાવે છે. કબીર સાહેબની ગુજરાત યાત્રા એવા શબ્દોના ઉપયોગથી સિદ્ધ થાય છે.

## ૫. શ્રી પદ્મનાભ પરિબ્રહ્મ

(નાદબ્રહ્મ પદ-૩૯)

શ્રી[૧] પદ્મનાભ[૨] પરિબ્રહ્મ[૩] પુરુષોત્તમ[૪] પેઢે નહિ રે,

હરિ[૫] અવિગત[૬] ગોવિંદ[૭] સંતજી[૮] રે,

સહાય કરો શ્રીપતિ[૯] ધણી[૧૦] રે,

હરિ ચત્રુભુજ[૧૧] શ્યામલ વર્ણ[૧૨], સારંગધર[૧૩] સોહામણો રે,

હરિ રૂંવડેલો[૧૪] વૈકુંઠ નાથજી[૧૫] રે, દુક્રીત હરણ[૧૬] દામોદર[૧૭] રે,

હરિ નિરંજન[૧૮] નિરાકાર[૧૯], નિષ્કલંક[૨૦] પુરુષે[૨૧] આરાધીયે રે,

ધન ગાયે દ્વારિકા નાથજી[૨૨] રે, શ્યામલ[૨૩] વર્ણ સોહામણો રે,

હરિ સેવ્યો સમર્થ[૨૪] સાર[૨૫], પાર લે એનો કોઇ નવ લહે રે,[૨૬]

હરિ સોહે છે અવિનાશ[૨૭] વ્હાલો, વાસ આપે વૈકુંઠ ધણી[૨૮] રે,

હરિ માધવ[૨૯] મુકુંદ[૩૦] મોરાર[૩૧], મહાદેવ[૩૨] સોહામણો[૩૩] રે,

હરિ ભક્તિ મુક્તિ દાતાર[૩૪] લ્યો, નારાયણ[૩૫] છે નિર્મલો[૩૬] રે,

સદા સારંગધર[૩૭] શું વિચાર, પાર લૈ કાનૈયો[૩૮] આત્મા[૩૯] રે,

આવી વેગે મળ્યો વિશ્વાસજી રે, તારોની ત્રિભોવન ટળવળે રે,

જીવ તો મોહ્યો છે કુળમાં, કલીકાલે જીવ જંપીઓ રે,

એ તો હરિ વિના નવ લહે શ્વાસ, શ્વાસ સદા સારંગધર રે,

સદા વૈષ્ણવ મન રહે ઉલ્લાસ, આનંદ અંગે ઉલટ્યો રે,

ભલે આવ્યા પરિબ્રહ્મ રાય વ્હાલો, વૈષ્ણવજન માંહી પરવર્યો રે,

હરિનો વર્ત્યો જય જયકાર, સાર બોલોની હવે સાચા ધણીનો રે,

હરિનો આવ્યો જ્યારે મન વિશ્વાસ ત્યારે,

પાસ[૪૦] છૂટ્યા ચાર ખાણના[૪૧] રે,

હરિ ઘેર ઘેર વૈકુંઠ વાસ, દાસ તુમ્હારો વિનવે રે,

ભલે આવ્યા પરિબ્રહ્મરાય, સમર્થ ધણી સંતે સેવ્યો રે.

**દોહરો**

આદિ અનાદી એક તું, સ્થાવર જંગમ તારૂં નામ.

તું અમર ને તારૂં નામ, સકલ વૈષ્ણવને પ્રણામ.

૧ થી ૩૯ સુધીના શબ્દો પ્રભુનાં નામો છે. વિષ્ણુસહસ્રનામનો જપ કરવાની વૈષ્ણવોની પ્રથા છે. તેમાંથી આ નામો લેવામાં આવ્યા છે. પ્રભુના નામનું સંકીર્તન કરવાથી પ્રભુની કૃપા પ્રાપ્ત કરી શકાય છે એવી ભક્તજનોની દૃઢ માન્યતા છે.

૪૦. બંધન

૪૧. ચારે ખંડના

## ૬. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૭૨)

(શ્રીમદ્ ભગવદ્ ગીતા, અધ્યાય ૨, શ્લોક ૫૪ થી ૭૨)

**વંદના**

જેને દિવ્ય સ્તવો વડે સ્તવી રહ્યાં, સૂર્યાગ્નિ વા વાદળાં,
જેના મંત્ર, પુરાણ, શાસ્ત્ર, ભજનો, ગાયે ઋષિ વ્યાકુળા;
યોગી ધ્યાન ધરી જ, સંયમ કરી, જેની કરે ઝંખના,
જેનો પાર ન કોઈએ લઇ શક્યા, તે દેવને વંદના.

**શ્રી અર્જુન બોલ્યા:**

સમાધિમાં સ્થિતપ્રજ્ઞ જાણવો કેમ, કેશવ?
બોલે, રહે, ફરે કેમ, મુનિ જે સ્થિરબુદ્ધિનો? ૫૪

શ્રી ભગવાન બોલ્યા:

મનની કામના સર્વે, છોડીને આત્મમાં જ જે,
રહે સંતુષ્ટ આત્માથી, તે સ્થિતપ્રજ્ઞ જાણવો ૫૫

દુઃખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
ગયા રાગ-ભય-ક્રોધ, મુનિ તે સ્થિરબુદ્ધિનો ૫૬

આસક્ત નહિ જે ક્યાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૫૭

કાચબો જેમ અંગોને, તેમ જે વિષયો થકી,
સંકેલે ઇન્દ્રિયો પૂર્ણ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૫૮

નિરાહારી શરીરીના, ટળે છે વિષયો છતાં,
રસ રહી જતો તેમાં, તે ટળે પેખતાં પરં ૫૯

પ્રયત્નમાં રહે તોયે, શાણાં એ નરનાં હરે,
મનને ઇન્દ્રિયો મસ્ત, વેગથી વિષયો ભણી ૬૦

યોગથી તે વશે રાખી, રહેવું મત્પરાયણ,
ઇન્દ્રિયો સંયમે જેની, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૬૧

વિષયોનું રહ્યે ધ્યાન, તેમાં આસક્તિ ઊપજે,
જન્મે આસક્તિથી કામ, કામથી ક્રોધ નીપજે ૬૨

ક્રોધથી મૂઢતા આવે, મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે બુદ્ધિનાશ, બુદ્ધિનાશે વિનાશ છે ૬૩

રાગ ને દ્વેષ છૂટેલી, ઇન્દ્રિયે વિષયો ગ્રહે,
વશેન્દ્રિય સ્થિરાત્મા જે, તે પામે છે પ્રસન્નતા ૬૪

પામ્યે પ્રસન્નતા તેનાં, દુઃખો સૌ નાશ પામતાં,
પામ્યો પ્રસન્નતા તેની, બુદ્ધિ શીઘ્ર બને સ્થિર ૬૫

અયોગીને નથી બુદ્ધિ, અયોગીને ન ભાવના,
ન ભાવહીનને શાંતિ, સુખ ક્યાંથી અશાંતને? ૬૬

ઇન્દ્રિયો વિષયે દોડે, તે પૂંઠે જે વહે મન,
દેહીની તે હરે બુદ્ધિ, જેમ વા નાવને જળે ૬૭

→

તેથી જેણે બધી રીતે, રક્ષેલી વિષયો થકી,
ઇન્દ્રિયો નિગ્રહે રાખી, તેની પ્રજ્ઞા થઈ સ્થિર ૬૮

નિશા જે સર્વ ભૂતોની, તેમાં જાગ્રત સંયમી,
જેમાં જાગે બધાં ભૂતો, તે જ્ઞાની મુનિની નિશા ૬૯

સદા ભરાતા અચલપ્રતિષ્ઠ,
સમુદ્રમાં નીર બધાં પ્રવેશે,
જેમાં પ્રવેશે સહુ કામ તેમ,
તે શાંતિ પામે નહિ કામકામી ૭૦

છોડીને કામના સર્વે, ફરે જે નર નિઃસ્પૃહ,
અહંતા મમતા મૂકી, તે પામે શાંતિ ભારત ૭૧

આ છે બ્રહ્મદશા એને, પામ્યે ના મોહમાં પડે,
અંતકાળેય તે રાખી, બ્રહ્મનિર્વાણ મેળવે ૭૨

## ૭. શ્રી સદ્‌ગુરુ ભક્તિ રહસ્ય

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૦૪)

હે પ્રભુ! હે પ્રભુ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ ........... ૧

શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ........ ૨

નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહિ;
આપતણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાંહિ ......... ૩

જોગ નથી સતસંગનો, નથી સત્‌સેવા વા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ ..... ૪

હું પામર શું કરી શકું, એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક ..... ૫

અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ ....... ૬

અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ્ય તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ ... ૭

ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન ... ૮ →

કાળ દોષ કળીથી થયો, નહિ મર્યાદા ધર્મ;
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ ...... ૯

સેવાને પ્રતિકુળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ ........... ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહિ;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિ ... ૧૧

અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહિ;
નથી નિવૃતિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ ... ૧૨

એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ..... ૧૩

કેવળ કરુણામૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ ....... ૧૪

અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન ... ૧૫

સંતચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઉગ્યો ન અંશ વિવેક ... ૧૬

સહુ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય;
સત્‌સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ... ૧૭

પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાર
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ...... ૧૮

અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હુંય ?
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ......... ૧૯

પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ ........ ૨૦

## ૮. અમૂલ્ય તત્વવિચાર

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૦૯)

બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો,
    તોયે અરે! ભવચક્રનો આંટો, નહિ એક્કે ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
    ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો ? ૧

લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો ?
    શું કુટુંબ કે પરિવારથી, વધવાપણું એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું, નરદેહને હારી જવો,
    એનો વિચાર નહીં અહોહો ! એક પળ તમને હવો !!! ૨

નિર્દોષ સુખ નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
    એ દિવ્ય શક્તિમાન જેથી, જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
    એ ત્યાગવા સિદ્ધાંત કે, પશ્ચાત્ દુઃખ તે સુખ નહીં. ૩

હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?
    કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરહરું ?
એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,
    તો સર્વ આત્મિકજ્ઞાનનાં, સિદ્ધાંત-તત્વ અનુભવ્યાં. ૪

તે પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવળ માનવું ?
    નિર્દોષ નરનું કથન માનો, 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો,
    સર્વાત્મમાં સમદ્રષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો. ૫

## ૯. ઓ ઈશ્વર ભજીએ તને

(નાદબ્રહ્મ પૃષ્ઠ - ૧)

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારાં નિત ગાઇએ, થાય અમારાં કામ ...... ૧

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ ....... ૨

પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઇ સૂએ નહીં, સાધુ સંત સમાય .......... ૩

અતિથિ ઝાંખો નવ પડે, આશ્રિત ના દુભાય
જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય ........ ૪

સ્વભાવ એવો આપજો, સૌ ઇચ્છે અમ હિત
શત્રુ ઇચ્છે મિત્રતા, પડોશી ઇચ્છે પ્રીત ............ ૫

વિચાર વાણી વર્તને, સૌનો પામું પ્રેમ
સગાં સ્નેહી કે શત્રુનું, ઇચ્છું કુશળ ક્ષેમ ............ ૬

જોવા આપી આંખડી, સાંભળવાને કાન
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન ........ ૭

ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તેં સંસાર
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધા તૈયાર .............. ૮

તારા સારા શોભીતા, સૂરજ ને વળી સોમ
તે તો સઘળા તેં રચ્યા, જબરું તારું જોમ ......... ૯

અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર ........... ૧૦

કાપ કલેશ કંકાસ ને, કાપ પાપ પરિતાપ
કાપ કુમતિ કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ ... ૧૧

ઓ ઈશ્વર તમને નમું, માંગુ જોડી હાથ
આપો સારા ગુણ અને, સુખમાં રાખો સાથ ........ ૧૨

મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ .......... ૧૩

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારાં નિત ગાઇએ, થાય અમારાં કામ ...... ૧૪

## ૧૦. સદ્‌ગુરુ સંત કબીર, પાયે લાગું

સદ્‌ગુરુ સંત કબીર, પાયે લાગું, સદ્‌ગુરુ સંત કબીર

અબુધ જીવડો મારો, માયામાં ફસાયો,
લખ ચોરાસી યોનીમાં અટવાયો,
    ઉગારો દીનાનાથ ગુરુ મારા .......    સદ્‌ગુરુ સંત કબીર

જોરૂ છોરૂ ને ભેરુ, કોઈ નથી મારું,
ભજન વિના જીવન એળે ગયું મારું,
    આપો ભક્તિનું જ્ઞાન, ગુરુ મારા ...   સદ્‌ગુરુ સંત કબીર

જીવન નૈયા મારી ડગમગ ડોલે,
ભક્તોનાં સદ્‌ગુરુ કબીર કૃપા કરો,
    ઉતારો ભવજળ પાર, ગુરુ મારા ...  સદ્‌ગુરુ સંત કબીર

## ૧૧. સ્વજનની ભેટ જે દેતો

સ્વજનની ભેટ જે દેતો, અચાનક ઝૂંટવી લેતો
નિયમ પ્રભુ આકરો તારો, જગતને લાગતો ખારો ...... ૧

મરણ શિક્ષા ધરે સૌને, ચેતજો આ જીવનમાં તમે
અમર કોઈ નથી જગમાં, છટકશે કોઈ નિયમે ના ....... ૨

રૂણાનુબંધ છે સઘળા, છોડજો સ્વાર્થ ના ઝઘડા
જીવનમાં જે મળ્યા તેને, પ્રેમથી સાચવી લેજો........... ૩

શુભાશિષ સૌની તો લેજો, ઠારીને આજ ઠરી જાજો
સર્વેશ્વરી સાંભળી લેજો, મરણને મિત્ર કરી લેજો ......... ૪

-મા સર્વેશ્વરી

## ૧૨. જોને વિચારી તું જીવડા

(નાદબ્રહ્મ પદ-૪૪)

જોને વિચારી તું જીવડા, શા સુખમેં મોહી રહ્યોજી;

આવ્યો ત્યારે તું એકલો, જાતાં એકલો જાવુંજી;
વચમેં સંબંધ શા કામના, માયા જાળમેં[૧] બંધાયોજી ......... ૧

મારૂં મારૂં શું કરી રહ્યો, નહિ મળે તારું તનજી;
જૂઠા રે પુત્ર ને પ્રેમદા, જૂઠો ભવનો ભંડારજી .................. ૨

ધન રે મળ્યાનો ધર્મ એ જ છે, જે કાંઇ હાથે વપરાયજી;
અંત સમે સહુ મેલી[૨] જાશે, પલમેં થશે પરાયોજી ............ ૩

જમ રે જોરાવર લઇ જશે, મેલશે ચોરાશીમેં[૩] ઠેલીજી;
દારૂણ[૪] દુઃખ જન્મ મરણનું, ત્યાં કોણ તારો બેલીજી ......... ૪

સાચું સગપણ હરિગુરૂ સંતનું, જીવને જાલમેંથી[૫] કાઢેજી;
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને[૬] ભેટાવેજી ......... ૫

માની શકે તો માનજે, લેવો મનષાનો[૭] લ્હાવોજી;
દાસ કબીર સાચું કહે, ફરી નહીં મળે આવો દાવજી[૮] ........ ૬

૧. માયા મનમાં રહેલી છે. તેમાંથી મમતાના તાંતણા વડે જાળ બંધાય છે. ક્ષણિક સુખમાં જીવ રાચે છે. ઈશ્વરને ભૂલી જાય છે.

૨. મૂકીને    ૩. જન્મ મરણના ફેરા ચોર્યાસી લાખ ગણાય છે.

૪. ભયંકર    ૫. માયાની જાળમાંથી

૬. ઈશ્વરને    ૭. મનુષ્યજનોને    ૮. તક. મનુષ્ય જન્મમાં જ ઉત્ક્રાંતિ થઈ શકે. પ્રભુના દર્શનની તક માનવ દેહ દ્વારા જ સાધી શકાય.

## ૧૩. જે કુલમેં કોઇ ભક્ત ન કહાવે

(નાદબ્રહ્મ પદ-૫૧)

જે કુલમેં[૧] કોઇ ભક્ત ન કહાવે, કુલકો કહાં લજાવે;
ગર્ભ સહિત એની માતા ક્યોં ન મર ગઇ,
ઐસા બેટા ન આવે .......... ટેક

જોરુ લડકા સબે મિલિને, માયામેં લપટાયે;
પાણી વલોવતાં માખણ નહિ આવે, તત્વ[૨] કહાંસે પાયે ... ૧

બાહર ઉજળા ભીતર મેલા, ઘણા સ્વાદે ગાવે;
પ્રીત વિના પાનો[3] નહિ આવે, વળી વળી વાછરૂં ધાવે ... ૨

ચિઠ્ઠી પત્રી બહુત ચલાવે, કોટી ધજ્જ કહાવે;
જો દીપકમેં જલે પતંગા, ઐસે આપ જલાવે ................. 3

સંત સંગતમેં પલ નહિ આવે, જમકા હોર્યા જાવે;
કહે કબીર સુનો ભાઇ સાધુ, ફીર ચોરાશી[૪] પાવે ............. ૪

૧. કુળમાં કુટુંબમાં

૨. સત્ય અથવા જ્ઞાનના અર્થમાં

3. વાછરડું માતૃભાવે ઉછરે છે. અરસપરસના સંબંધે પ્રીત જન્મે છે. માત્ર આંચલ ચૂસવાથી દૂધ પ્રાપ્ત કરી શકાય નહિ. પ્રભુ પરાયણતા દ્વારા જ ભક્તિ જન્મે છે અને સુખ શાંતિનો અનુભવ થાય છે.

૪. જન્મ મરણના ફેરા

## ૧૪. વૈષ્ણવ જન તો તેને કહીએ

(નાદબ્રહ્મ પદ-૧૯૬)

વૈષ્ણવ જન[૧] તો તેને કહીએ, જે પીડ[૨] પરાઇ[૩] જાણે રે;
પરદુઃખે[૪] ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે ...... ટેક

સકળ લોકમાં સહુને વંદે, નિંદા[૫] ન કરે કેની રે;
વાચ[૬] કાછ[૭] મન નિશ્ચલ[૮] રાખે, ધન ધન જનની તેની રે ... ૧

સમદષ્ટિ[૯] ને તૃષ્ણા[૧૦] ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જીહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે ...... ૨

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય[૧૧] જેના મનમાં રે;
રામ નામ શું તાળી[૧૨] રે લાગી, સકળ તીર્થ તેના તનમાં રે.. ૩

વણલોભી[૧૩] ને કપટરહિત છે, કામ ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયોં તેનું દર્શન કરતા, કુળ ઇકોતેર[૧૪] તાર્યા રે ..... ૪

૧. ભગવાનના અનુયાયી    ૨. દુઃખ    ૩. બીજાની    ૪. બીજાનું દુઃખ
૫. ટીકા    ૬. વાણી    ૭. વેશના અર્થમાં    ૮. સ્થિર
૯. સરખી નજર મતલબ કે સમાન વ્યવહાર    ૧૦. ઈચ્છા-વાસના
૧૧. રાગ વગરનું બનવું    ૧૨. લગન    ૧૩. લોભ વગરનો
૧૪. ઉપરોક્ત ગુણોવાળા ભક્તનું દર્શન કરવામાં આવે તો ઈકોતેર પેઢી સુધી કામ આવે એટલો પુણ્યનો જથ્થો પ્રાપ્ત થાય છે.

## **૧૫.** હરિને ભજતાં હજી કોઇની લાજ

(નાદબ્રહ્મ પદ-૮૦૩)

હરિને ભજતાં હજી કોઇની લાજ, જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળિઆ સાથ, વદે વેદ વાણી રે .............. ટેક

વ્હાલે ઉગાર્યો પ્રહ્લાદ, હિરણ્યાકંસ માર્યો રે;
વિભિષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે ...................... ૧

વ્હાલે નરસિંહ મહેતાને હાર, હાથોહાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચલ રાજ, પોતાનો કરી સ્થાપ્યો રે ...... ૨

વ્હાલે મીરાં તે બાઇનાં ઝેર, હળાહળ પીધા રે;
પાંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે ..................... ૩

વ્હાલે અંબરીષની ઓળખાણ, અવતાર દશ લીધાં રે;
વ્હાલે ગજની કીધી સહાય, પૈદલ પરહર્યા રે ................... ૪

આવો હરિ ભજવાનો લ્હાવો, ભજન કોઇ કરશે રે;
કરજોડી કહે પ્રેમળદાસ, ભક્તોનાં દુઃખ હરશે રે .............. ૫

## ૧૬. જૂનું તો થયું રે દેવળ

(નાદબ્રહ્મ પદ-૮૮)

જૂનું તો થયું રે દેવળ[૧] જૂનું તો થયું,
મારો હંસલો[૨] નાનો ને દેવળ જૂનું તો થયું ... ટેક

આ રે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
પડી ગયા દાંત, માંયલી રેખું[૩] તો રહ્યું .......... ૧

તારે ને મારે હંસા, પ્રીત્યું બંધાણી રે,
ઉડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું ............. ૨

બાઇ મીરાં કહે પ્રભુ, ગિરિધરના ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીવું ........... ૩

૧. શરીરરૂપી મંદિર

૨. જીવ

૩. જડવું

## **૧૭.** ઝીની ઝીની બિની ચદરિયાં

(નાદબ્રહ્મ પદ-૭૬)

ઝીની ઝીની બિની ચદરિયાં, ઝીની ઝીની બિની;

કાહે કૈ તાના[૧], કાહે કૈ ભરની, કૌન તારસે બિની;
ઈંગલા[૨] પીંગલા[૩] તાના ભરની, સુષમન[૪] તારસે બિની .... ૧

આઠ કંવલ[૫] દલ ચરખા ડોલૈ, પાંચ તત્વ ગુન તિની[૬];
સાંઈકો સિયત, માસ દસ લાગે, ઠોક ઠોક કે બિની ........... ૨

સો ચાદર સુર[૭] નર મુનિ ઓઢી, ઓઢી કે મૈલી કીની;
દાસ કબીર જતનસે ઓઢી, જ્યોંકી[૮] ત્યોં ધરિ દીની .......... ૩

૧. તાણા ને વાણા

૨. ઈંગલા ને ઈડા નાડી

૩. પીંગલા નાડી-મતલબ કે નાડીઓ રૂપી તાણો

૪. સુષુમ્ણા નાડીનો વાણો-એ પદમાં સૂક્ષ્મ શરીર રૂપી ચાદર કેવી રીતે તૈયાર થઈ તેનું માર્મિક આલેખન છે.

૫. કમળ-શરીરની પાછળ મેરુદંડ સાતે આઠ કમળ છે-મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા, સહસ્રાર ને બ્રહ્મ

૬. પંચમહાભૂત-પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ એ પાંચ તત્વો અને ત્રણ ગુણો-સત્વ, રજ ને તમ

૭. દેવો

૮. જેવી હતી તેવી

## ૧૮. એક જ દે ચિનગારી મહાનલ !

(નાદબ્રહ્મ પદ-૮૧)

એક જ દે ચિનગારી[1] મહાનલ[2] ! એક જ દે ચિનગારી;

ચકમક લોઢું ઘસતાં ઘસતાં, ખરચી જિંદગી સારી;
જામગરીમાં[3] તણખો ન પડ્યો, ન ફળી મહેનત મારી ........ ૧

ચાંદો સળગ્યો સૂરજ સળગ્યો, સળગી આભ અટારી;
ના સળગી એક સગડી મારી, વાત વિપતની ભારી .......... ૨

ઠંડીમાં મુજ કાયા થથરે, ખૂટી ધીરજ મારી;
વિશ્વાનલ[4] ! હું અધિક ન માગું,માગું એક ચિનગારી .......... ૩

**-હરિહર ભટ્ટ**

૧. તણખો

૨. અગ્નિદેવ અથવા પ્રકાશનો પુંજ

૩. ચકમક, લોઢું ને જામનગરી એ અગ્નિ પેદા કરનાર ત્રણ સાધનો છે. અહીં અંતઃકરણમાં અર્થ સમજવો.

૪. સમગ્ર વિશ્વને પ્રકાશિત કરનાર અગ્નિદેવ

## ૧૯. વરદ હસ્ત પ્રભુ તમારો

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાયે રહેજો જીવન સહારો.

કરકમળના કૃપા કિરણથી, અંતર અજવાળજો અમારું
રાગ ને દ્વેષ કામ ને ક્રોધ, હઠાવી જીવન કરી દો ન્યારું ...... ૧

પાપ ત્રિતાપ કલેશ કપાજો, જ્યોતિ જગાવો નિર્મળ હૃદયમાં
પાવન જીવન સદા સમર્પો, પ્રભુ તમારા ચરણ કમળમાં .... ૨

દિવ્ય સ્વરુપના દર્શન કાજે, શ્રદ્ધાને ભકિત ભરી દો સ્વામી
કૃપાની વર્ષા વરસાવો નેહે, સરિતા રહે કે સાગરને પામી ... ૩
-મા સર્વેશ્વરી

## ૨૦. વંદન કરું પ્રભુ ચરણોમાં આજે

વંદન કરું પ્રભુ ચરણોમાં આજે, કોટિ પ્રણામ કરું પ્રેમે રે

જાણે અજાણ્યે ભૂલો કીધી મેં, આખા દિવસમાં આજે રે
ક્ષમા કરી દો બાળ ગણીને, અંકે પોઢાળો મને આજે રે ...... ૧

રાતભર મીઠી ઉંઘ તમે આપજો, સ્વપ્નામાં પ્રેમે પધારજો રે
મા સર્વેશ્વરીનો સાદ સુણીને, પ્રત્યક્ષ પ્રેમે પધારજો રે ........ ૨
-મા સર્વેશ્વરી

## **૨૧.** આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો,
સેવકના હૃદિયામાં રહેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

કાયાના દેવળ અમને કાચા રે લાગે,
તેનો ભરોસો અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

કાયા પડશેને હંસા ક્યાં જઇ સમાશે,
તે ઘર બતલાવી અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ના આવે,
તેના તે દર્શન અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

જન્મો જન્મ મારા હૃદિયામાં રહેજો,
એવી તે વૃત્તિ અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

ધર્મદાસની અરજી સુણો રે ગોસાઇ,
ભક્તિને મુક્તિ અમને દેજો ... સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

## **૨૨.** મંગલ મંદિર ખોલો દયામય

(નાદબ્રહ્મ પદ-૯૫)

મંગલ મંદિર ખોલો દયામય, મંગલ મંદિર ખોલો;

જીવન વન અતિ વેગે વટાવ્યું, દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર[૧] ગયું ને જ્યોતિ પ્રકાશ્યો, શિશુને ઉરમાં લ્યો લ્યો ... ૧

નામ મધુર તમ રટયો નિરંતર, શિશુ સહ પ્રેમે બોલો;
દિવ્ય તૃષાતુર[૨] આવ્યો બાળક, પ્રેમ અમીરસ ઢોળો .......... ૨
**-નરસિંહરાવ દિવેટિયા**

૧. અંધારું     ૨. તરસથી

## ૨૩. પ્રભુ દ્વાર તમારા ખોલો રે

પ્રભુ દ્વાર તમારા ખોલો રે આવ્યો એક પુણ્ય આત્મા

આ દુનિયાની સગાઈ   એ તો પ્યારમાં પથરાઈ

એમાં આત્મા ગયો ભરમાઈ રે. આવ્યો એક પુણ્ય આત્મા   ૧

આ ચારે કોરની માયા  તેમાં સઘળા ભેદ સમાયા

મન માનવનાં લોભાયા રે...... આવ્યો એક પુણ્ય આત્મા   ૨

આ કાયા કુંભ છે કાચો  સમજો તો એમાં ન રાચો,

પ્રભુ તું છે એક જ સાચો રે...... આવ્યો એક પુણ્ય આત્મા   ૩

એણે સત્કર્મ કંઈ કીધાં  એણે દુઃખ સહન કરી લીધાં,

તારા નામનાં અમૃત પીધાં રે.. આવ્યો એક પુણ્ય આત્મા   ૪

લીધી તારા નામની માળા  હૈયે ભજીલે છેલ છોગાળા

ઓ ગિરિધારી ગોપાલા રે....... આવ્યો એક પુણ્ય આત્મા   ૫

તારા હાથે છે મૂજ નૈયા  તને પુકારુ તરવૈયા

તમે આવોને રખવૈયા રે........ આવ્યો એક પુણ્ય આત્મા   ૬

તમે વારે આવો નાથ  મારો પકડી લેજો હાથ.

પછી છોડુ નહી સંગાથ રે....... આવ્યો એક પુણ્ય આત્મા   ૭

આ અવિચળ ભાનુ ચંદા  એ તારી લીલા ગોવિંદા,

ઓ જશોદાજીના નંદા રે ....... આવ્યો એક પુણ્ય આત્મા   ૮

પ્રભુ એ છે પ્રાર્થના મારી આત્માને લેજો તારી

તમે સુણજો કૃષ્ણ મોરારી રે.... આવ્યો એક પુણ્ય આત્મા   ૯

## **૨૪.** મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે !

(નાદબ્રહ્મ પદ-૬૧)

મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે !
મુજને પોતાનો જાણીને, પ્રભુપદ[૧] પાળજો રે !

પથ્યાપથ્ય[૨] નથી સમજાતું, દુઃખ સદૈવ[૩] રહે ઉભરાતું,
મને હશે શું થાતું નાથ નિહાળજો રે !

અનાદિ[૪] આપ વૈદ્ય છો સાચા, કોઇ ઉપાય વિશે નહિ કાચા,
દિવસ રહ્યા છે ટાંચા[૫] વેળા વાળજો રે !

વિશ્વેશ્વર[૬] શું હજી વિચારો, બાજી હાથ છતાં કાં હારો ?
મહા મૂંઝારો[૭] મારો, નટવર ટાળજો રે !

કેશવ હરિ મારું શું થાશે ? ઘાણ વળ્યો શું ગઢ ઘેરાશે !
લાજ તમારી જાશે, ભૂધર ભાળજો રે !

૧. પ્રભુતાનો મોભો
૨. ચારી-યમનિયમ વગેરે
૩. હંમેશા
૪. જેનો કોઈ પ્રારંભ જ નથી એવા
૫. ઓછા
૬. વિશ્વનું સંચાલન કરનાર પ્રભુ
૭. મૂંઝવણ

## **૨૫.** નહિ રે વિસારું હરિ

(નાદબ્રહ્મ પદ-૯૧)

નહિ રે વિસારું હરિ, અંતરમાંથી નહિ રે વિસારું હરિ.

જલ જમુનાનાં પાણી રે જાતાં, શિર પર મટકી ધરી,
આવતાં ને જાતાં મારગ વચ્ચે, અમૂલખ[૧] વસ્તુ જડી ...... ૧

આવતાં ને જાતાં વૃન્દા રે વનમાં, ચરણ તમારે પડી,
પીળાં પિતાંબર જરકશી જામા, કેસર આડ[૨] કરી ............ ૨

મોરમુગટ ને કાને રે કુંડલ[૩], મુખ પર મોરલી ધરી
બાઇ મીરાં કહે પ્રભુ ગિરધરનાં ગુણ, વિઠ્ઠલ વરને વરી .... ૩

૧. મોંઘી

૨. આડબંધ

૩. કુંડળ-કાનમાં પહેરવાનું ઘરેણું

## **૨૬.** જ્યાં લગી આત્મા અંગમાં છે

(નાદબ્રહ્મ પદ-૧૨૮)

જ્યાં લગી આત્મા અંગમાં છે, ત્યાં લગી હરિ હરિ તું કહે;

હાલતાં હરિ ને ચાલતાં હરિ, ને બેસતાં હરિ તું કહે;
સુતાં પહેલાં જે સ્મરણ કરે ભાઇ, તેની બોલો જય જય ...... ૧

લીધા રે સરખું નામ હરિનું, લઇ શકે તો લે;
દીધા રે સરખું દાન છે અન્નનું, દઇ શકે તો દે .................... ૨

આ રે સંસારીઓ સર્વે[૧] ખોટા, ને સાચી વસ્તુ બે;
એક તો પુણ્ય, બીજું હરિભજન ભાઇ, જીવડા સમજી લે ...... ૩

દૃષ્ટ પદારથ સર્વે ખોટા ને, આત્મા અખંડ છે;
કીડી થકી તે કુંજર[૨] લગણ ભાઇ, કાળચક્કરનો[૩] ભે ............ ૪

એક દિન આંગણે દીવા, વિવાહ, ને વળી ઢોલ શરણાઇ વાગે;
કહે જીવણ એવો એક દિન આવશે, સ્મશાને ધગશે ......... ૫

૧. આખો-બધો

૨. હાથી

૩. મૃત્યુનો

## ૨૭. ભક્તિ કરતા છુટે મારા પ્રાણ

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૯૯)

ભક્તિ કરતા છુટે મારા પ્રાણ, પ્રભુ એવુ માંગુ છું.
રહે જનમો જનમ તારો સાથ, પ્રભુ એવુ માંગુ છું.

તારું મુખડું મનોહર જોયા કરું
રાત દહાડો ભજન તારું ગાયા કરું
રહે અંત સમય તારું ધ્યાન .... પ્રભુ એવુ માંગુ છું

મારી આશા નિરાશા કરશો નહિં
મારા અવગુણ હૈયામાં ધરશો નહિં
શ્વાસે-શ્વાસે રટુ તારું નામ ..... પ્રભુ એવુ માંગુ છું

મારા પાપને તાપ સમાવી લેજો
તારા નંદુને દાસ બનાવી દેજો
દેજો આવીને દર્શન દાન .... પ્રભુ એવુ માંગુ છું

## ૨૮. હે હરિ તારા ચરણકમળમાં

રાગ - ધોળ (જમુના જળમાં ...)

હે હરિ તારા ચરણકમળમાં, પ્રાર્થના આજ સ્વીકારજો
ભક્તબાળની અલખની યાત્રા, પૂર્ણપણે શણગારજો ... ટેક

દેવી દેવતા સાથી બનીને, મંદિર દ્વાર ઉઘાડજો
ભક્તબાળના બંધન સઘળા, હળવેથી હરિ કાપજો .... ૧

મમત્વના સઘળા તારોને, હે હરિ ચરણે વાળજો
ભક્તબાળના રામકબીરના, મંત્રે કાયમ તારજો ......... ૨

સત્કર્મો જે કર્યા હશે તે, પુષ્પરૂપે પથરાવજો
ભક્તબાળના જીવનરથને, પરમ ધામમાં વાળજો ..... ૩

પરિવારની ચિંતા સઘળી, ચિંતનમાં પલટાવજો
ભક્તબાળની સર્વ ભૂલોને, હે હરિ ક્ષમા કરાવજો ....... ૪

સ્મરણ કરાવી રામનામનું, દુઃખ બધાયે ટાળજો
ભક્તબાળને પરમ શાંતિનું, ગંગા સ્નાન કરાવજો ..... ૫

કુલગુરૂ કબીર કરૂણા કરીને, કબીર વડલે ઠારજો
ભક્તબાળને રામના અંકે, રમાડીને વધાવજો ........... ૬

સર્વેશ્વરી કર જોડી પ્રાર્થે, પ્રણામ સૌના સ્વીકારજો
ભક્તબાળને ભક્તકુળમાં, ભક્તિ કરવા લાવજો ......... ૭

**-મા સર્વેશ્વરી**

## ૨૯. પ્રભુ મારા પિતાને શાંતિ ધરી દો

પ્રભુ મારા પિતાને શાંતિ ધરી દો

મમતા કેરા મુળને કાપો, કલેશ બધાયે ટાળો
પૂર્ણ કરી દો, મુક્ત કરી દો, ધન્ય કરી દો આજે ...... પ્રભુ મારા

ઈચ્છાઓ સઘળી શાંત કરી દો, પ્રાર્થના સુણજો અમારી
જીવન એમનું પ્રેરક બનજો, આશિષ વર્ષો સદાયે .....પ્રભુ મારા
**-મા સર્વેશ્વરી**

## ૩૦. પ્રભુ મારી માતને શાંતિ ધરી દો

પ્રભુ મારી માતને શાંતિ ધરી દો

મમતા કેરા મુળને કાપો, કલેશ બધાયે ટાળો
પૂર્ણ કરી દો, મુક્ત કરી દો, ધન્ય કરી દો આજે .......પ્રભુ મારી

ઈચ્છાઓ સઘળી શાંત કરી દો, પ્રાર્થના સુણજો અમારી
જીવન એમનું પ્રેરક બનજો, આશિષ વર્ષો સદાયે .....પ્રભુ મારી
**-મા સર્વેશ્વરી**

## ૩૧. હે નાથ જોડી (અંજલિ)

હે નાથ જોડી હાથ પાયે પ્રેમથી સહુ લાગીએ,
શરણું મળે સાચું તમારું એજ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. ૧

વળી કર્મનાં યોગે કરી જે કુળમાં એ અવતરે,
ત્યાં પૂર્ણ પ્રેમે ઓ પ્રભુજી આપની ભક્તિ કરે,
લક્ષ ચોરાશીનાં બંધનોને લક્ષમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. ૨

સુસંપતિ, સુવિચાર ને, સત્કર્મનો દઈ વારસો,
જન્મો જનમ તમ ભક્તિથી, કિરતાર પાર ઉતારજો,
આ લોક ને પરલોકમાં તમ પ્રેમ રગ રગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. ૩

મળે મોક્ષ કે સુખ સ્વર્ગનાં આશા ઉરે એવી નથી,
દ્યો દેહ દુર્લભ માનવીનો ભજન કરવા ભાવથી,
સાચું બતાવી રૂપ શ્રી રણછોડ હૃદયે સ્થાપજો,
પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો. ૪

-શ્રી મોટા

## ૩૨. સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે

સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે,
      હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે

પ્રભુ તારે દ્વારે  આવ્યો એ આત્મા,
      શાંતિ આપો હે પરમાત્મા ........... ૧

આજ અમે કરીએ  છે તારી પ્રાર્થના,
      શાંતિ આપો હે પરમાત્મા ........... ૨

જન્મો જન્મનાં ફેરા ટાળો,
      મુક્તિ આપો હે પરમાત્મા ........... ૩

એને માટે ઉઘાડો મોક્ષની બારી,
      શાંતિ આપો હે પરમાત્મા ............ ૪

## ૩૩. ધૂન

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૯૧)

સત્યનામ કબીર, સત્યનામ કબીર
ગુરુદેવ કબીર, ગુરુદેવ કબીર

આવો આવો રે કબીર, આવો આવો રે કબીર
ભીડ ભાંગો રે કબીર, ભીડ ભાંગો રે કબીર

દર્શન દેજો રે કબીર, દર્શન દેજો રે કબીર
સત્યનામ કબીર, સત્યનામ કબીર

## ૩૪. ઈશ-ઉપનિષદના મંત્રો

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૭૪)

હરિ ૐ
પૂર્ણ એ છે, પૂર્ણ આ છે, પૂર્ણથી તો પૂર્ણ ઊગ્યું છે બધું;
પૂર્ણમાંથી પૂર્ણ આપી દો ભલે, શેષ પાછળ પૂર્ણ રહેવાનું સદા.

ૐ શાંતિ શાંતિ શાંતિ:

## **૩૫.** ૐ જય સાહેબ કબીર

**ૐ**

**શ્રી કબીર પરમાત્માને નમઃ**

ૐ જય સાહેબ કબીર, ૐ જય સાહેબ કબીર
પ્રગટ પ્રભુ છો સાચા (૨), અલખ નિરંજન દેવ
... ૐ જય સાહેબ કબીર ૧

પાવન કાશી તીર્થે, કમલપત્ર પર આપ, પ્રભુ (૨)
ધન્ય કર્યા નિરુ નીમા (૨), પ્રગટ્યા જગહિત કાજ
... ૐ જય સાહેબ કબીર ૨

સદ્‌ગુરૂ રામાનંદજી, રામનો મંત્ર ધરે, પ્રભુ (૨)
માનવ ધર્મ પ્રચારે (૨), ગાઢ તિમિર હરે
... ૐ જય સાહેબ કબીર ૩

તત્વાજી જીવાજીની, ભક્તિ માન્ય કરી, પ્રભુ (૨)
કબીર વડ પ્રગટાવ્યો (૨), ગુર્જર ભૂમિમહીં
... ૐ જય સાહેબ કબીર ૪

આતમદેવ છે એક જ, એ ઊપદેશ ધર્યો, પ્રભુ (૨)
અસંખ્ય ભજનો સાખી (૨), બીજક ગ્રંથ રચ્યો
... ૐ જય સાહેબ કબીર ૫

જ્ઞાન ભક્તિના પંથને, સરળ કીધો છે આજ, પ્રભુ (૨)
શીતળ છાંયડી ધરતાં (૨), ટાળી દીધા ત્રિતાપ
... ૐ જય સાહેબ કબીર ૬

શ્રી ચરણોમાં વંદન કરતા, ભક્તો માગે આજ, પ્રભુ (૨)
જ્ઞાનદીપ પ્રગટાવો (૨), અમ અંતરમાં રામ
... ૐ જય સાહેબ કબીર ૭

અપરાધોને ક્ષમા કરીને, આશિષ ધરજો આજ, પ્રભુ (૨)
કલ્યાણ કરો સૌનું (૨), સર્વેશ્વરીના નાથ
... ૐ જય સાહેબ કબીર ૮

**શ્રી યોગેશ્વર ચરણરજ**
**મા સર્વેશ્વરી**
*૧૮ માર્ચ ૧૯૯૩, શ્રી કૃપાળુધામ*

# વિભાગ – ૨

## ૩૬. શ્રી રામચંદ્ર કૃપાલુ ભજમન

શ્રી રામચંદ્ર કૃપાલુ ભજ મન હરણ ભવ ભય દારુણમ્
નવકંજ લોચન કંજ મુખ કર કંજ પદ કંજારુણમ્ ............. ટેક

કંદર્પ અગણિત અમિત છબિ નવ નીલ નીરજ સુંદરમ્
પટ પીત માનહું તડિત રુચિ શુચિ નૌમિ જનક સુતાવરમ્ ... ૧

ભજ દીનબંધુ દિનેશ દાનવ દૈત્યવંશ નિકંદનમ્
રઘુનંદ આનંદ કંદ કૌશલ ચંદ દશરથ નંદનમ્ ............... ૨

શિર મુકુટ કુંડલ તિલક ચારુ ઉદાર અંગ વિભૂષણમ્
આજાનુ ભુજ શર ચાપ ધર સંગ્રામ જિત ખર દૂષણમ્ ...... ૩

ઇતિ વદતિ તુલસીદાસ શંકર શેષ મુનિ મન રંજનમ્
મમ હૃદય કુંજ નિવાસ કુરુ કામાદિ ખલ દલ ગંજનમ્ ...... ૪

## ૩૭. શ્રી હનુમાન ચાલીસા

॥ દોહા ॥

શ્રી ગુરૂ ચરન સરોજ રજ, નિજ મન મુકુરૂ સુધારિ,
બરનઉં રઘુબર બિમલ જસુ, જો દાયકુ ફલ ચારિ.

બુદ્ધિહીન તનુ જાનકે, સુમિરૌં પવન કુમાર,
બલ બુદ્ધિ વિદ્યા દેહુ મોહિં, હરહુ કલેશ વિકાર.

॥ ચૌપાઈ ॥

જય હનુમાન જ્ઞાન ગુન સાગર, જય કપીસ તિહું લોક ઉજાગર
રામદૂત અતુલિત બલ ધામા, અંજનિ પુત્ર પવન સુત નામા ૧

મહાવીર વિક્રમ બજરંગી, કુમતિ નિવાર સુમતિ કે સંગી
કંચન બરન વિરાજ સુવેસા, કાનન કુંડલ કુંચિત કેસા ૨

હાથ બજ્ર ઔર ધ્વજા બિરાજૈ, કાંધે મૂંજ જનેઊ સાજૈ
શંકર સુવન કેસરી નંદન, તેજ પ્રતાપ મહા જગ બંદન ૩

વિદ્યાવાન ગુની અતિ ચાતુર, રામ કાજ કરિબે કો આતુર
પ્રભુ ચરિત્ર સુનિબે કો રસિયા, રામ લખન સીતા મન બસિયા ૪

સૂક્ષ્મ રૂપ ધરિ સિયહિં દિખાવા, વિકટ રૂપ ધરિ લંક જલાવા
ભીમ રૂપ ધરિ અસુર સંહારે, રામચંદ્ર કે કાજ સંવારે ૫

→

લાય સંજીવન લખન જિયાયે, શ્રી રઘુબીર હરષિ ઉર લાયે
રઘુપતિ કીન્હીં બહુત બડ઼ાઈ, તુમ મમ પ્રિય ભરતહિ સમ ભાઈ ૬

સહસ્ર બદન તુમ્કારો જસ ગાવૈં, અસ કહિ શ્રીપતિ કંઠ લગાવૈં
સનકાદિક બ્રહ્માદિ મુનિસા, નારદ સારદ સહિત અહીસા ૭

જમ કુબેર દિક્પાલ જહાં તે, કવિ કોવિદ કહિ સકે કહાં તે
તુમ ઉપકાર સુગ્રીવહિં કીન્હા, રામ મિલાય રાજ પદ દીન્હા ૮

તુમ્હરો મંત્ર વિભીષણ માના, લંકેશ્વર ભયે સબ જગ જાના
જુગ સહસ્ત્ર યોજન પર ભાનુ, લીલ્યો તાહિ મધુર ફલ જાનુ ૯

પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહીં, જલધિ લાંધી ગયે અચરજ નાહીં
દુર્ગમ કાજ જગત કે જેતે, સુગમ અનુગ્રહ તુમ્હરે તેતે ૧૦

રામ દુઆરે તુમ રખવારે, હોત ન આજ્ઞા બિનુ પૈસારે
સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના ૧૧

આપન તેજ સમ્હારૌ આપે, તીનહુ લોક હાંક તે કાંપે
ભૂત પિશાચ નિકટ નહીં આવૈ, મહાવીર જબ નામ સુનાવૈ ૧૨

નાસે રોગ હરે સબ પીરા, જપત નિરંતર હનુમંત વીરા
સંકટ તે હનુમાન છુડાવૈ, મન કર્મ બચન ધ્યાન જો લાવૈ ૧૩

સબ પર રામ તપસ્વી રાજા, તિનકે કાજ સકલ તુમ સાજા
ઔર મનોરથ જો કોઈ લાવે, સોઇ અમિત જીવન ફલ પાવે ૧૪

ચારો જુગ પરતાપ તુમ્હારા, હૈ પ્રસિદ્ધ જગત ઉજીયારા
સાધુ સંત કે તુમ રખવારે, અસુર નિકંદન રામ દુલારે ૧૫

અષ્ટ સિદ્ધિ નવ નિધિ કે દાતા, અસ બર દીન જાનકી માતા
રામ રસાયન તુમ્હરે પાસા, સદા રહો રઘુપતિ કે દાસા ૧૬

તુમ્હરે ભજન રામ કો પાવે, જનમ જનમ કે દુખ બિસરાવૈ
સંતકાલ રઘુબર પુર જાઈ, જહાં જન્મ હરિ ભક્ત કહાઈ ૧૭

ઔર દેવતા ચિત્ત ન ધરઈ, હનુમંત સેઇ સર્વ સુખ કરઈ
સંકટ કટૈ મિટૈ સબ પીરા, જો સુમિરૈ હનુમંત બલવીરા ૧૮

જય જય જય હનુમાન ગોસાઈ, કૃપા કરહુ ગુરૂ દેવકી નાઈ
જો સતબાર પાઠ કર કોઈ, છૂટહિ બન્દિ મહા સુખ હોઈ ૧૯

જો યહ પઢૈ હનુમાન ચાલીસા, હોય સિદ્ધિ સાખી ગૌરીસા
તુલસીદાસ સદા હરિ ચેરા, કીજે નાથ હૃદય મહ ડેરા ૨૦

પવન તનય સંકટ હરન, મંગલ મૂરતિ રૂપ
રામ લખન સીતા સહિત, હૃદય બસહુ સુર ભૂપ

॥ ઇતિ ॥

## ૩૮. પ્રભુની રચના છે એવી

પ્રભુની રચના છે એવી, કોઈ આવે કોઈ જાય
આવ્યા તેણે વહેલી મોડી લેવી પડે વિદાય
... પ્રભુની રચના ૧

અંતિમ ઘડી જે પડે લખાણી, કેમે ન મીથ્યા થાય (૨)
જ્ઞાની ધ્યાની શોધી વળ્યા પણ જડ્યો નથી ઉપાય
... પ્રભુની રચના ૨

સ્વજનને વ્હાલાની માયા, દુનિયાની સગાઇ (૨)
ફરી ફરીને નામ રટી લો ઝખમ એમ રૂઝાય
... પ્રભુની રચના ૩

પ્રીતીને મમતાના તંતુ, બંધન બની જાય (૨)
જીવાત્માની મુક્તિ માર્ગે અવરોધ બની જાય
... પ્રભુની રચના ૪

પૂર્વ જન્મના કર્મ પ્રમાણે, આયુષ્ય રેખા દોરાય (૨)
જટીલ છે આ કોયડો એને કહે છે પ્રભુ નો ન્યાય
... પ્રભુની રચના ૫

મનવાંછિત મળે ન કોઈને, પ્રભુનું ધાર્યું થાય (૨)
ભાંગેલા સ્વપનો ને ભૂલી ધૈર્ય ધરી મનમાંય
... પ્રભુની રચના ૬

વીરહની છે આગ વસમી, દીવો કરો દિલમાંય (૨)
સમજવું પડે છે છેવટે ખીલ્યું તે કરમાય
... પ્રભુની રચના ૭

અદ્‌ભુત છે આ સમૂહ પ્રાર્થના, હૈયુ હળવું થાય (૨)
શાંતિ શાંતિ આપો પ્રભુ વાસ વૈકુંઠમાં થાય
... પ્રભુની રચના ૮

## ૩૯. તમે ભાવે ભજી લ્યો ભગવાન

તમે ભાવે ભજી લ્યો ભગવાન જીવન થોડું રહ્યું
કંઈક આત્માનું કરજો કલ્યાણ ... જીવન થોડું રહ્યું

એને દીધેલા કોલ શું ભૂલી ગયા (૨)
જૂઠી માયાને મોહિનીમાં ઘેલાં થયા (૨)
ચેતો ચેતો શું ભૂલ્યા છો ભાન ... જીવન થોડું રહ્યું

બાળપણને યુવાનીમાં અડધું ગયું (૨)
નહીં ભક્તિના મારગમાં ડગલું ભર્યું (૨)
હવે બાકી છે એમાં દ્યો ધ્યાન ... જીવન થોડું રહ્યું

પછી ઘડપણમાં ગોવિંદ ભજાશે નહીં (૨)
લોભ, વૈભવને ધન તજાશે નહીં (૨)
બનો આજથી પ્રભુમાં મસ્તાન ... જીવન થોડું રહ્યું

જરા ચેતીને ભક્તિનું ભાથું ભરો (૨)
કંઈક ડર તો પ્રભુજીનો દિલમાં ધરો (૨)
છીએ થોડા દિવસના મહેમાન ... જીવન થોડું રહ્યું

આમ આળસમાં દિન બધા વીતી જશે (૨)
પછી ઓચિંતુ જમનું તેડું થાશે (૨)
નહીં ચાલે તમારું તોફાન ... જીવન થોડું રહ્યું

એજ કહેવું આ દાસનું દિલમાં ધરો (૨)
ચિત્ત રાખી રણછોડને ભાવે ભજો (૨)
ઝાલો ઝાલો ભક્તિનું સુકાન ... જીવન થોડું રહ્યું

## ૪૦. સગપણ શ્રીવરનું સાચું રે

સગપણ શ્રીવરનું સાચું રે, બીજું બધું દુનિયાનું કાચું રે
એમાં કાંઇ સ્વારથ ના ભાળું રે, સંસાર તો સ્વારથનું જાળું રે...ટેક

આજકાલ હંમેશાં સાચું રે, દિનદિન વધનારું ઝાઝું રે
જેણે એ તાણીને બાંધ્યું રે, ના દુઃખ તેને કો'દી આવ્યું રે ... ૧

મરણ પછી મુક્તિ દેનારું રે, જીવનમાં અમૃતનું ટાણું રે
સનાતન સગપણ આ મારું રે, અનુભવે જાણીને ગાયું રે ... ૨
- શ્રી યોગેશ્વરજી

## ૪૧. એકલ પંથી ધામ હરીનું

એકલ પંથી ધામ હરીનું, અંતિમ સૌનો મુકામ
આયુષ્ય દોરી જુદી પ્રત્યેકની, કર્માધિન છે તમામ

તેડું કરે પ્રભુ એકલાને, ઝુરતા રાખે અનેક (૨)
પલમાં સૌને લાચાર બનાવે, એને હાથ લગામ
... એકલ પંથી ૧
વિશ્વ નિયંતાનો ન્યાય સ્વીકારી, કરીએ અંતિમ વિધિ (૨)
દિન બંધુની સહાય માંગીએ, આપો હિંમત ભગવાન
...એકલ પંથી ૨
વિરહમાં દિલડું જલેને વેદના સહીએ ભલે (૨)
ફરજ સઘળી પૂરી કરવા, હૈયે રાખીયે હામ
... એકલ પંથી ૩
સ્વજન જાતા ધીરજ ન ખોઈયે, આશરો પ્રભુનું સ્મરણ (૨)
આત્મા શાંતિ પ્રાર્થના કરીયે, આપો મોક્ષમાં ધામ
... એકલ પંથી ૪
અધિક દુઃખીયા અનેક જોઈ, સાંત્વન હૈયે ધરીયે (૨)
દિન દલીતના ભેરૂ થઈને, કરીયે સેવા નિષ્કામ
... એકલ પંથી ૫
સદ્ગત આત્માની શાંતિ માટે, કરીએ પ્રભુનું ભજન (૨)
સંત કબીરને પ્રાર્થના કરીએ, આપો મોક્ષમાં ધામ
... એકલ પંથી ૬

## ૪૨. આ જીવન પડદા પાછળ રે કોણ છે ઉભુ ?

રાગ - પ્રભુ દ્વાર તમારા ખોલો રે

આ જીવન પડદા પાછળ રે કોણ છે ઉભુ ?
એ સર્જકનું સરનામુ રે કોણ બતાવે ?

આ શ્યામ વાદળા વચ્ચે, સોનેરી રેખ બતાવે
સમજાવે નથી અંધારૂ રે – કોણ છે ઉભુ ?

આ અમાસને વળાવી, ને ચાંદની પ્રગટાવી
ચમકાવે જીંદગી સૌની રે – કોણ છે ઉભુ ?

આ મધુર હાસ્ય ફરકાવી, નિત શક્તિ સ્ફૂર્તિ વધારી
દર્શાવે દૈવી હાજરી રે – કોણ છે ઉભુ ?

આ સુની પડી સીતારી, મૃદુ સ્પર્શે ઝંકૃત કીધી
સમર્પણ સૂર રેલાવે રે – કોણ છે ઉભુ ?

આ હરિયાળી છે ધરતી, પાનખરે છે પલટાવી
એ રમત રમે છે દૈવી રે – કોણ છે ઉભુ ?

**-મા સર્વેશ્વરી**

## **૪૩.** આ દેહ ખરેખર કોનો રે જાણી તું લેજે

રાગ - પ્રભુ દ્વાર તમારા ખોલો રે

આ દેહ ખરેખર કોનો રે જાણી તું લેજે

આકાશ, પૃથ્વી કહે મારો, જળ, વાયુ કહે છે મારો
અગ્નિદેવ કહે છે મારો રે – જાણી તું લેજે

માવતર વદે છે મારો, સગા, સ્નેહી સ્વીકારે મારો
મિત્રો વળી માને મારો રે – જાણી તું લેજે

હરિ હાથમાં એ રમનારો, કોઈનો નથી ના એ થવાનો
કાળક્રમે વિસર્જન વારો રે – જાણી તું લેજે

વચગાળાનો એ વિસામો, ભવ સાગરનો છે કિનારો
તરવાનો બને તરોપો રે – જાણી તું લેજે

દેવલોકે દુર્લભ માન્યો, ગુરૂકૃપાથી એને જાણ્યો
સર્વ દિશાથી એ સચવાયો રે – જાણી તું લેજે

નામ સ્મરણે એને સજાવ્યો, વ્રત, તપથી એને વધાવ્યો
હરિ દર્શનનો મળ્યો લ્હાવો રે – જાણી તું લેજે

કૃતકૃત્ય ધન્ય બનાવ્યો, અનુભૂતિથી એ ઉભરાયો
પ્રસાદ સ્વરૂપે ચાખ્યો રે – જાણી તું લેજે

આ દેહનો દૈવી ખજાનો, દેવોએ આવી ઉઘાડ્યો
સર્વેશ્વરીને બતાવ્યો રે – જાણી તું લેજે
-મા સર્વેશ્વરી

## ૪૪. હે હરિ ! તારે દ્વારે મુજને

રાગ - ધોળ (જમુના જળમાં ...)

હે હરિ ! તારે દ્વારે મુજને, દર્શનનું સુખ આપજે

સર્વ સંબંધોનો છેદ ઉડાડીને, તારા ચરણમાં વાળજે
જન્માંતરની સર્વ ભૂલોને, ક્ષમા કરીને સ્વીકારજે

દેહ છોડીને દેવ ના દેશે, સ્નેહ ધરી સંભાળજે
દૃષ્ટિ અમારી દિશાહીન છે, દિવ્ય અંજન આંજજે

દિલ વહેંચાયું આ દુનિયાને, ત્યાંથી પાછુ વાળજે
સર્વેશ્વરીના પરમસખા હે, સઘળું પાર ઉતારજે
-મા સર્વેશ્વરી

## ૪૫. પ્રભુ દ્વારે તિરાડ પાડો રે જોઈ શકીએ તમને

રાગ - પ્રભુ દ્વાર તમારા ખોલો રે

પ્રભુ દ્વારે તિરાડ પાડો રે જોઈ શકીએ તમને

તમે જોયા કરો છો અમને, અમે જોઈ શકીએ તમને
રમત એવી રમાડો રે – જોઈ શકીએ તમને

જગના વિષયોને માણ્યા, એણે દરિયામાં ડૂબાડ્યા
તમે સૌને સહજમાં તાર્યા રે – જોઈ શકીએ તમને

રાતદિવસ રૂપ નિહાળુ, વિષયોને મારો તાળુ
આ જીવન બને તમારું રે – જોઈ શકીએ તમને

સર્વેશ્વરીના સુખદાતા, માંગ્યુ છે તે દેનારા
સંનિધિ સુખ ધરનારા રે – જોઈ શકીએ તમને

-મા સર્વેશ્વરી

## ૪૬. મનવા લેને હરિનું નામ

(રાગ - હરિને ભજતાં હજી કોઈની લાજ)

મનવા લેને હરિનું નામ, સંકટ તારાં શમશે રે,
આધિવ્યાધિ ટળી જશે સૌ, ત્રણે તાપ ટળશે રે.

હરતાં ફરતાં લેને હરિનામ, વિધિ નથી કોઈ રે,
પાણી વેગે જીવન ચાલ્યું જાય, શાને રહ્યો જોઈ રે ?

ખંખેરી દેને આળસ તારી, કમ્મર કસ ભાઈ રે,
નામ જપતા જશે તું તરી, શંકા નથી કાંઈ રે.

પ્રભુને સોંપ બધી તારી ચિંતા, તું જા તેને શરણે રે,
તેની માગ કૃપા દિનરાત, આનંદ મહા મળશે રે.

જોને મીરાં ને પ્રહ્લાદ, નરસિંહ સૂર તુલસી રે,
કહે પાગલ તરી ગયાં સૌ, પરમાત્માના ગુણથી રે.

**- શ્રી યોગેશ્વરજી**

## ૪૭. સંત સમાગમ કીજે, હો નિશદિન

સંત સમાગમ કીજે, હો નિશદિન, સંત સમાગમ કીજે ..... ટેક
માન તજી સંતનકે મુખસે, પ્રેમ સુધારસ પીજે ............. ૧
અંતર કપટ મેટકે અપના[૧], લે ઉનકું મન દીજે ............ ૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કીત, સબવિધિ કારજ સીજે ... ૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, જન્મ સુફલ કરી લીજે હો ... ૪
-બ્રહ્માનંદ સ્વામી

૧. અપનો

## ૪૮. સંત પરમ હિતકારી, જગત માંહી

સંત પરમ હિતકારી, જગત માંહી, સંત પરમ હિતકારી ... ટેક
પ્રભુપદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી ........ ૧
પરમકૃપાલુ સકલ જીવન પર, હરિસમ સબ દુઃખહારી ..... ૨
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી, રીત જગતસે ન્યારી ....... ૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હૈ પ્રગટ મોરારી ....... ૪
-બ્રહ્માનંદ સ્વામી

## ૪૯. હરિ ભજતાં સુખ હોય, સમજ મન

હરિ ભજતાં સુખ હોય, સમજ મન, હરિ ભજતાં સુખ હોય ... ટેક
હરિ સમરન બિન મૂઢ અજ્ઞાની, ઉંમર દીની ખોય .......... ૧
માતપિતા જુવતી સુત બંધુ[૧], સંગ ચલત નહિં કોય ......... ૨
ક્યું અપને શિર લેત બુરાઈ, રહેના હૈ દિન દોય ............. ૩
બ્રહ્માનંદ કહે હરિને ભજી લે, હિતકી કહત હું તોય .......... ૪
-બ્રહ્માનંદ સ્વામી

૧. બાંધવ

## ૫૦. યૂંહી જન્મ ગુમાત, ભજન બિન

યૂંહી જન્મ ગુમાત, ભજન બિન, યૂંહી જન્મ ગુમાત .......... ટેક
સમજ સમજ નર મૂઢ અજ્ઞાની, કાલ નિકટ ચલી આત ..... ૧
ભયોરી બેહાલ ફિરત હૈ નિશદિન, ગુન વિષયને કે ગાત ... ૨
પરમારથકો રાહ ન પ્રીછત, પાપ કરત દિનરાત ............. ૩
બ્રહ્માનંદ કહે તેરી મૂરખ, આયુષ વૃથા હી જાત ................ ૪
-બ્રહ્માનંદ સ્વામી

## **૫૧.** ભક્તિતત્વ ('શ્રીમદ્ ભગવદ્ ગીતા', અધ્યાય ૧૨)

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૮૦)

શ્રી અર્જુન બોલ્યા:

નિત્ય યુક્ત થઈ આમ, જે ભક્ત તમને ભજે
ને જે અક્ષર, અવ્યક્ત, તે બે માંહી કયા ચડે ? ૧

શ્રી ભગવાન બોલ્યા :

મારામાં મનને પ્રોઈ, નિત્ય યુક્ત થઈ મને
ભજે પરમ શ્રદ્ધાથી, તે યોગી ચડતા ગણું ૨

જેઓ અચિંત્ય, અવ્યક્ત, સર્વ વ્યાપક, નિશ્ચળ
એકરૂપ, અનિર્દેશ્ય, ધ્રુવ અક્ષરને ભજે ૩

ઈન્દ્રિયો નિયમે રાખી, સર્વત્ર સમબુદ્ધિના
સર્વભૂતહિતે રક્ત, તેને મને જ પામતા ૪

અવ્યક્તે ચિત્ત ચોંટાડે, તેને કલેશ થતો વધુ
મહા પરિશ્રમે દેહી, પામે અવ્યક્તમાં ગતિ ૫

મારામાં સર્વ કર્મોનો, કરી સંન્યાસ મત્પર
અનન્ય યોગથી મારાં, કરે ધ્યાન-ઉપાસના ૬

મારામાં ચિત્ત પ્રોતા, તે ભક્તોનો ભવસાગરે
વિના વિલંબ ઉદ્ધાર કરું છું, પાર્થ, હું સ્વયં ૭

‘હું’-માં જ મનને સ્થાપ, નિષ્ઠા મારી જ રાખ તું
તો મારામાં જ નિઃશંક, તું વસીશ હવે પછી ૮

જો ન રાખી શકે સ્થિર, ‘હું’-માં ચિત્ત સમાધિથી
તો મને પામવા ઇચ્છ, સાધી અભ્યાસ-યોગને ૯

અભ્યાસેયે જો ન શક્તિ, થા મત્કર્મપરાયણ
મારે અર્થે કરે કર્મો, તોયે પામીશ સિદ્ધિને ૧૦

જો ન કરી શકે તેયે, આશરી મુજ યોગને
તો સૌ કર્મ ફળો ત્યાગ, રાખીને મનને વશ ૧૧

ઊંચું અભ્યાસથી જ્ઞાન, જ્ઞાનથી ધ્યાન તો ચડે
ધ્યાનથી ફળનો ત્યાગ, ત્યાગથી શાંતિ સત્વરે ૧૨

અદ્વેષ સર્વ ભૂતોનો, મિત્રતા, કરુણા, ક્ષમા
નિર્મમ, નિરહંકાર, સુખે દુઃખે સમાનતા ૧૩

યોગી સદાય સંતોષી, જીતાત્મા, દૃઢ નિશ્ચયી
મનબુદ્ધિ મને અર્પ્યાં, તે મદ્‌ભક્ત મને પ્રિય ૧૪

જેથી દુભાય ના લોકો, લોકથી જે દુભાય ના
હર્ષ-ક્રોધ-ભય ક્ષોભે છૂટ્યા, જે તે મને પ્રિય ૧૫

પવિત્ર નિઃસ્પૃહી, દક્ષ ઉદાસીન, વ્યથા નહિ
સૌ કર્મારંભ છોડેલો, મારો ભક્ત મને પ્રિય ૧૬ →

ન કરે હર્ષ કે દ્વેષ, ન કરે શોક કે સ્પૃહા
શુભાશુભ ત્યજ્યાં જેણે, ભક્તિમાન મને પ્રિય ૧૭

સમ જે શત્રુને મિત્રે, સમ માનાપમાનમાં
ટાઢે-તાપે, સુખે-દુઃખે, સમ આસક્તિહીન જે ૧૮

સમાન સ્તુતિ નિંદામાં, મૌની સંતુષ્ટ જે મળે
સ્થિર બુદ્ધિ, નિરાલંબ, ભક્ત જે, તે મને પ્રિય ૧૯

આ ધર્મામૃતને સેવે, શ્રદ્ધાથી જેમ મેં કહ્યું
મત્પરાયણ જે ભક્તો, તે મને અતિશે પ્રિય ૨૦

## **૫૨.** ભક્તિ સતગુરુ એ આની

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૧૦)

ભક્તિ સતગુરુ એ આની, સંતો ભાઈ, ભક્તિ સતગુરુ એ આની;
પાષાણ ફોડ ગંગા જલ પ્રગટે, હો ગઈ નવખંડ પાની ...... ટેક

એ પાનીમેં દોઉં પર્વત ડુબે, સાહેર[૧] સુરતી સમાની;
મચ્છી જાય સરોવર બૈઠે, બોલે અમૃત વાણી .................. ૧

જહાં મચ્છી તહાં મચ્છા નાંહી, ગર્ભ રહ્યો વિના પાની;
નારી એક પુરુષ દોઉ જાયે, બુઝે વિરલા જ્ઞાની ................ ૨

નાર પુરુષ મિલી સબ યુગ ખાયો, તહાં મેં રહું અકેલા;
કહે કબીર એ પદ હી વિચારો, સોહી ગુરુ હમ ચેલા ........... ૩

૧. દરિયો

## **૫૩.** હરિજન ભક્તિ ન છાંડે

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૨૧)

હરિજન ભક્તિ ન છાંડે, સંતો ભાઈ, હરિજન ભક્તિ ન છાંડે;
તન સુખ સંપત્તિ જાવે સો જાવે, નામકા સનેહ જગાવે ........ટેક

શુર હથિઆર ઢળે નહીં ધરતી, જેમ વૈરી કો દલ કાંપે;
ગ્રહી તરવાર સામા જોઈ ધાવે, સ્તંભ દેહી પાવ રોપે ........ ૧

કેસરી ઘાસ ખાય નહીં કબહું, પ્રાણ નિકલ ક્યોં નવ જાયે;
કહે કબીર જન નામ ઉચ્ચારો, ઔર ન સમરો કાંઈ .......... ૨

## **૫૪.** ગૌચારી ઘેર આવે

રાગ - ગોડી (નાદબ્રહ્મ પદ-૨૩)

ગૌચારી ઘેર આવે, શ્યામળિયો વ્હાલો, ગૌચારી ઘેર આવે;
પીંઢારો પરવર્યો મોહન, મધુરી શી મુરલી બજાવે .......... ટેક

ગળે ગુંજામણીનો હાર મનોહર, મોર મુગટ શિર શોહે;
શ્યામ તણી સુંદરતા જોઈને, વ્રજનારીના મન મોહે ........ ૧

અગર ચંદનના સેર દેવડાવું, મોતીના ચોક પુરાવું;
નરસૈંઈના સ્વામી મારે મંદિરે પધારો, શેરીએ ફૂલડાં વેરાવું.. ૨

## **૫૫.** આરતી કીજે નરસિંહ પ્રભુકી

(નાદબ્રહ્મ પદ-૩૦)

આરતી કીજે નરસિંહ પ્રભુકી,
    વેદ વિમલ જશ ગાવે .............. ટેક

પહ્લી આરતી પ્રહ્લાદ ઉગારે,
    હિરણ કશીપુ નખ ઉદર બિડારે ... ૧

દુસરી આરતી વામન સેવા,
    બલિ કે દ્વારે પધારે હો દેવા ......... ૨

તીસરી આરતી બ્રહ્મા સધારે,
    સહસ્ત્રા બાહુ કે કારજ સારે ........... ૩

ચોથી આરતી અસુર સંહારે,
    ભક્ત વિભીષણ લંકા સધારે ......... ૪

પાંચમી આરતી કંસ પછાડે,
    ગોપી ગ્વાલ સખાપતિ પાલે ......... ૫

તુલસી કે પત્ર કંઠ મણિ હીરા,
    હરખી નીરખે ગાવે દાસ કબીરા ..... ૬

## **૫૬.** આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે

(નાદબ્રહ્મ પદ-૩૧)

આરતી કીજે રાજા રામચંદ્ર રીઝે,
ભક્તિ કરો તો જમકો જવાબ દીજે ....... ટેક

પહલી આરતી પુષ્પ કી માલા,
કાલિ નાગ નાથી લાયે કૃષ્ણ ગોવાળા ... ૧

દુસરી આરતી દેવકીનંદન,
ભક્ત ઉદ્ધારણ[૧] કંસ નિકંદન ................ ૨

તીસરી આરતી ત્રિભુવન મોહે,
રત્નસિંહાસન રઘુવર રામજીકો શોહે ...... ૩

ચોથી આરતી ચૌંદિશ[૨] પૂજા,
દેવ નિરંજન સ્વામી ઔર ન દૂજા ......... ૪

પાંચમી આરતી રામજીકો ભાવે,
રામજીકો હરિ જશ નામદેવજી ગાવે .......૫

૧. ઉદ્ધારને માટે    ૨. ચારે તરફ

## **૫૭.** ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો

(નાદબ્રહ્મ પદ-૫૦)

ભૂલ્યો મન ભમરા તું ક્યાં ભમ્યો, દિવસ ને રાતજી;
માયાનો બાંધ્યો પ્રાણીઓ, સમજ્યો નહિ શુદ્ધ વાતજી ... ટેક

કુંભ કાચો ને કાયા જાવરું, જોઇને કરો રે જતનજી;
વણસંતા વાર લાગે નહિ, રાખે રૂડુ રે મન .................. ૧

કોના છોરૂં ને કોના વાછરૂં, કોના મા ને બાપજી;
અંત કાલે જાવું એકલું, સાથે પુન્ય પાપજી .................. ૨

જે ઘેર નોબત વાજતી, રૂડા છત્રીશ રાગજી;
ખંડેર થઇ ખાલી પડયાં, કાળા ઉડે રે કાગજી ...............૩

જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠજી;
મોટા મોટા ચાલી ગયા, લાખો લખપતિ શેઠજી ............૪

ઉલટી નદી પૂર ઉતરી, જાવું પેલે પારજી;
આગળ નીર મળે નહીં, જે જોઇએ તે લેજો સાથજી ...... ૫

સત્કર્મ સત્ વસ્તુ ઓરજો, ઇશ્વર સ્મરણ સાથજી;
કબીર જુહારીને નીસર્યા, લેખું સાહેબને હાથજી ............૬

## **૫૮. હરિનો મારગ છે શૂરાનો**

(નાદબ્રહ્મ પદ-૫૮)

હરિનો મારગ છે શૂરાનો[૧], નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતા લેવું નામ જોને ......... ટેક

સુત વિત[૨] દારા શીશ સમર્પે, તે પામે રસ[૩] પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડ્યા મરજીવા[૪] જોને ......... ૧

મરણ આંગમે તે ભરે મૂઠી, દિલની દુગ્ધા વામે[૫] જોને;
તીરે ઊભા જુએ તમાસો, તે કોડી નવ પામે જોને ............ ૨

પ્રેમપંથ પાવકની[૬] જ્વાળા, ભાળી પાછા ભાગે જોને;
માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને ........ ૩

માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને;
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને ......... ૪

રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે[૭] જોને;
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનિદન નરખે જોને ....... ૫

૧. માયાના મોહમાં મન નિર્બળ બની ગયેલું હોય છે તેથી હરિના માર્ગે તે પ્રયાણ કરી શકતું નથી. શૂરવીર એટલે બળવાન મન જ આ પંથે આગળ વધે.
૨. સંપત્તિ  ૩. સર્વ સમર્પણ કર્યા પછી હરિની કૃપાનો રસ પીવા મળે છે.
૪. દરિયામાં ડૂબકી લગાવી મોતી શોધનારા  ૫. ઈચ્છા તૃષ્ણા ફળતી નથી
૬. અગ્નિની  ૭. ઓળખે અથવા જાણે

## ૫૯. સંત કૃપાથી છૂટે માયા

(નાદબ્રહ્મ પદ-૫૯)

સંત કૃપાથી છૂટે માયા, કાયા નિર્મળ થાય જોને;
શ્વાસોશ્વાસે સ્મરણ કરતાં, પાંચે પાતક[૧] જાય જોને ........... ટેક

કેસરી કેરે નાદે નાસે, કોટિ કુંજર[૨] જૂથ જોને;
હિંમત હોય તો પોતે પામે, સઘળી વાતે સુખ જોને ......... ૧

અગ્નિને ઉધેઈ ન લાગે, મહામણિને મેલ જોને;
અપાર સિંધુ મહાજળ ઊંડા, મરમીને[૩] મન સહેલ જોને ..... ૨

બાજીગરની બાજી તે તો, જંબુરો[૪] સૌ જાણે જોને;
હરિની માયા બહુ બળવંતી, સંત નજરમાં નાણે[૫] જોને .... ૩

સંત સેવતાં સુકૃત[૬] વાધે, સહેજે સીધા કાજ જોને;
પ્રીતમના સ્વામીને ભજતાં, આવે અખંડરાજ જોને .......... ૪

૧. પાંચ પ્રકારના પાપો

૨. હાથી

૩. જ્ઞાનીને

૪. જાદુગર જ પોતાની બાજીને જાણે છે. બીજા તો ભ્રમમાં જ રહે છે.

૫. બંધાવું અથવા નાથાઈ જવું

૬. પુણ્યો

## **૬૦. અમને અંત સમયે લેવા આવજો રે**

(નાદબ્રહ્મ પદ-૬૨)

અમને અંત સમયે ઉપકારી લેવા આવજો રે

શ્રીમદ્[૧] સતગુરુ નામ પ્યારું, પ્રાણ જતાં પણ થાય ન ન્યારું[૨];
મનહર મંગળ મૂર્તિનાથ બતાવજો રે ........ અમને

વિકટ સમય સાચવજો વ્હાલા કહું કોટિ કરી કાલાવાલા;
આવી દીનદયાળ દયા દર્શાવજો રે ........... અમને

વસમી અંતસમયની વેળા વહારે ધાજો વિઠ્ઠલ વહેલા;
પ્રણત[૩] પાસનું પહેલાં પણ પરખાવજો રે .... અમને

મરકટ જેવું મન અમારૂં તત્વ તોડે તાન તમારૂં;
અંતરનું અંધારૂં સદ્ય[૪] સમાવજો રે ................ અમને

દેજો દર્શન જનમનહારી, પરમકૃપાળુ વિરુદ તિહારી;
રત્નમય બલિહારી બાપ બચાવજો રે .......... અમને

૧. પ્રભુની શક્તિઓથી સદૈવ વિભૂષિતને શ્રીમદ્ કહેવામાં આવે છે.

૨. શ્રેય

૩. ભક્ત-અહીં ભક્તિ

૪. તરત જ

## ૬૧. ભજો મન રે પંખીડા

(નાદબ્રહ્મ પદ-૬૪)

ભજો મન રે પંખીડા, મત પડ પાંજરે, સંસાર માયાજાળ છે;

એક દિવસમાં ત્રણ જ ફેરા, સદાય જંપે કાળ રે;
અણચેત્યો તને લઈ જશે, પછી કોણ છોડાવન હાર રે ..... ૧

અન્ય દેવકી પૂજા કીધી, નહિ ઓળખ્યા આતમરામ રે;
ભુતની પેરે ભમતો ફરે છે, અનો એળે ગયો અવતાર રે ... ૨

જ્યારે સરોવર ભર્યા હતા, ત્યારે પ્રથમ ન બાંધી પાળ રે;
નીર સઘળું જ્યારે વહી ગયાં, પછી હાથ ઘસે શું થાય રે... ૩

માતા તારી સદા રૂવે, બેની રૂવે દસ માસ રે;
સ્ત્રી રૂવે તેર દહાડા, ઔર ઢુંઢે ઘરવાસ રે ...................... ૪

શેરી લગી સર્વે સુંદરી, ઝાંપા લગી મા બાપ રે;
તીર્થ લગી સગાં બંધુઓ, હંસ તું એકલો જાય રે ........... ૫

હાડ બળે જેમ લાકડું રે, કેશ બળે જેમ ઘાસ રે;
કંચન સરખી તારી કાયા બળે, કાંઈ ન આવે તારી સાથ રે... ૬

મારું મારું પ્રાણી મિથ્યા થશે, જૂઠો આ જગત વહેવાર રે;
દાસ રણછોડ પ્રભુ હરિને ભજી લો, પલમેં ઉતારે ભવપાર રે..૭

## ૬૨. ભજો રે ભૈયા રામ ગોવિંદ હરી

(નાદબ્રહ્મ પદ-૭૭)

ભજો રે ભૈયા રામ ગોવિંદ હરી

જપ તપ સાધન કછુ નહિં લાગત, ખરચત નહિં ગઠરી[૧] ... ૧

સંતત સંપત સુખ કે કારણ, જાસે[૨] ભૂલ પરી .................... ૨

કહત કબીર જા મુખ રામ નહિં, વો મુખ ધૂલ ભરી ............ ૩

૧. પોટલી – દરેક જીવ કર્મની પોટલી બાંધીને આ જગતમાં આવે છે.
૨. જેના વડે – સંપત્તિ જ હમેશાં સુખની કારણ છે એવી માન્યતાથી જગત ગલત રસ્તે ચાલવા લાગ્યું.

## ૬૩. સુંદિર શ્યામ શરીર

(નાદબ્રહ્મ પદ-૯૦)

સુંદિર શ્યામ શરીર, મોરે મન, સુંદિર શ્યામ શરીર .... ટેક

કોઈને ભાવે ભવાની ઉપર, કોઈને વ્હાલા પીર[૧] .......... ૧

કોઈને ગંગા કોઈને યમુના, કોઈને અડસઠ તીર ........ ૨

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, હરિ હલધર કેરા વીર ... ૩

૧. દેવ

## ૬૪. ભૂતળ ભક્તિ પદારથ મોટું

(નાદબ્રહ્મ પદ-૧૯૭)

ભૂતળ[૧] ભક્તિ પદારથ મોટું, બ્રહ્મ લોકમાં[૨] નહિ રે;
પુણ્ય કરી અમરાપુરી[૩] પામ્યા, અંતે ચોરાશી માંહી રે ......... ટેક

હરિના જન તો મુક્તિ ન માગે, જન્મો જન્મ અવતાર રે;
નિત સેવા નિત કીર્તન ઓચ્છવ[૪], નીરખવા નંદકુમાર રે ...... ૧

ભરતખંડ ભૂતળમાં જનમી, જેણે ગોવિંદના ગુણ ગાયા રે;
ધન ધન રે એના માતપિતાને, સફળ કરી એણે કાયા રે ...... ૨

ધન વૃંદાવન ધન એ લીલા, ધન એ વ્રજનાં વાસી રે;
અષ્ટ મહાસિદ્ધિ[૫] આંગણિયે ઊભી, મુક્તિ[૬] છે એમની દાસી રે...૩

એ રસનો સ્વાદ શંકર[૭] જાણે, કે જાણે શુક જોગી રે;
કંઇ એક જાણે પેલી વ્રજની રે ગોપી, ભણે નરસૈંયો ભોગી રે...૪

૧. પૃથ્વી
૨. સાત ઉર્ધ્વલોક છે તેમાંની એક
૩. સ્વર્ગ
૪. ઉત્સવ
૫. આઠ સિદ્ધિઓ –
અણિમા, લઘિમા, ગરિમા, મહિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ ને વશિત્વ
૬. મોક્ષ
૭. શંકર ભગવાન

## **૬૫.** નારાયણનું નામ જ લેતાં

(નાદબ્રહ્મ પદ-૧૯૮)

નારાયણનું નામ જ લેતાં, વારે તેને તજીએ રે;
મનષા[૧] વાચા કર્મણા[૨] કરીને, લક્ષ્મીવરને[૩] ભજીએ રે .... ટેક

કુળને તજીએ કુટુંબને તજીએ, તજીએ માને બાપ રે;
ભગિની સુત દારાને[૪] તજીએ, જેમ તજે કંચુકી[૫] સાપ રે ... ૧

પ્રથમ પિતા પ્રહલાદે તજીઆ, નવ તજીયું હરિનું નામ રે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીઆ શ્રી રામ રે ...... ૨

ઋષિપત્નીએ શ્રીહરિ કાજે, તજીઆ નિજ ભરથાર[૬] રે;
તેમાં તેનું કંઈએ ન ગયું, પામી પદારથ ચાર[૭] રે .......... ૩

વ્રજવનિતા[૮] વિઠ્ઠલને કાજે, સર્વ તજીને ચાલી રે;
ભણે નરસૈંયો વૃન્દાવનમાં, મોહન સાથે મહાલી[૯] રે ....... ૪

૧. મનથી  ૨. ફરજ બજાવીને અથવા ચિંતન કરીને
૩. પરમેશ્વરને-લક્ષ્મીના પતિ વિષ્ણુને  ૪. સ્ત્રી-પત્ની  ૫. કાંચળી
૬. પતિ  ૭. ચાર પદાર્થ – ધર્મ, અર્થ, કામ ને મોક્ષ  ૮. વ્રજદેશની સ્ત્રીઓ  ૯. રમી-ખેલી

## ૬૬. હરિની ભક્તિ વિના જે જન જીવે

(નાદબ્રહ્મ પદ-૧૯૯)

હરિની ભક્તિ વિના જે જન જીવે, અફલ[૧] ગયો અવતાર રે;
તુલસીની માલા તિલક પાસે, બીજા જુઠાં[૨] શણગાર રે .........ટેક

દશ માસ જનુની ભારે મારી, જેમ વહે શીર ભાર રે;
દેહ ધરી હરિનો દાસ[૩] ન કહાવે, તેની જનુનીને ધિક્કાર[૪] રે.. ૧

વૈષ્ણવ જન વ્હાલા નહિ જેને, દયા નહિ લગાર રે;
નરસૈંયાના સ્વામી વિના સજની, બીજા અનેક વિચાર રે .... ૨

૧. નિષ્ફળ-નકામો
૨. નિરર્થક-ઉપયોગ વિનાના
૩. સેવક, નોકર
૪. ફિટકાર

## ૬૭. ચલના રે મેરે ભાઇ

(નાદબ્રહ્મ પદ-૨૩૫)

ચલના રે મેરે ભાઇ, મારગ, ચલના રે મેરે ભાઇ;
દિન દશ આગે દિન દશ પીછે, મત કોઇ કરો રે બડાઇ ..... ટેક

કાહુકો ઘર પાંચ કોસ પર, કાહુકો દશવીશ;
સંતનકો ઘર નિજપુરીમાં, રામનામ જુગદીશ .................. ૧

આ હાટવાડે સોદે આયો, કછુ દેકે કછુ પાયો;
તોટા બ્હોળા સોહી જાણે, જેણે એ હાટ લગાયો .................. ૨

તેરા શિર પર જમ છે વૈરી, અજહુ સમજ મેરે ભાઇ;
કહે કબીર સોઇ જન ઉગર્યા, જેણે સમર્યા રઘુરાઇ ............. ૩

## ૬૮. હરિ તારા બાનાની પત રાખ

(નાદબ્રહ્મ પદ-૨૮૩)

હરિ તારા બાનાની[૧] પત[૨] રાખ, હરિ તારા બાનાની પત રાખ;
બાના રે માટે જો દુઃખ દેશો, કોણ જપે તારો જાપ[૩] ........... ટેક

રોહીદાસની તમે પત્રાળી[૪] બીની, નવ જોઇ જાતને ભાત;
સેના માટે સન્મુખ રહીને, નાયી[૫] કહેવાયા નાથ ................ ૧

પ્રહ્લાદની તમે પ્રતિજ્ઞા પાળીને, સ્તંભમાં[૬] પૂર્યો વાસ;
તાતી કઢા[૭] તમે શીતલ કીધી, સુધન્વા ને કાજ ................ ૨

પંચાલીના તમે પટકુળ[૮] પૂર્યા, રાખી સભામાં લાજ;
સાગરમાંથી ડૂબતો રાખ્યો, રામ કહેતાં ગજરાજ ............... ૩

ઝેરના તમે અમૃત કીધાં, આપ્યા મીરાંને હાથ;
મહેતાને માંડલીક મારવા આવ્યો, કેદારો લાવ્યા મધરાત ... ૪

ભક્તોના તમે સંકટ કાપ્યાં, ત્યારે આવ્યો વિશ્વાસ;
તુલસીના સ્વામીને કહું કર જોડી, પૂરો મારા મનની આશ ...૫

૧. વચનની  ૨. સાખ, આબરૂ  ૩. નામ સ્મરણ જપવા
૪. બાજ-જમવાની પત્રાળી  ૫. હજામ  ૬. થાંભલામાં
૭. તેલ ઉકાળવાનું મોટું વાસણ  ૮. લાજનું કપડું

# બિલાવલનાં પદો

## ૬૯. તુમ જો દયાલ મોંસે બહુત કરી રે

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૩)

તુમ જો દયાલ મોંસે બહુત કરી રે;
સુમરણ કો નર દેહી દીની, મોં પાપીથી કશું નાં સર્યો રે ......ટેક

ગર્ભવાસ નવમાસ ઉંધે મુખ, ત્યાં ન મેરી સુધ વિસરી રે;
જઠર અગ્નિમેં રાખ લિયો હૈ, કંચન સે મેરી દેહ કરી રે ....... ૧

કહાં લગી કહું અપરાધી જનમકો, આદિઅંત મોં સે બિગડી રે;
તુલસીદાસ પતિત તુમ પાવન, આ બાનેકી લાજ પડી રે .... ૨

## ૭૦. રામ કહો પિંજર કે સુવા

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૪)

રામ કહો પિંજર કે સુવા;
અજહુ ખબર પડત નહિ અંધે, ધંધો કરતા સકલ જુગ મુઆ...ટેક

ઘડી સુથાર કઠેરા કીના, અજહુ સાજ નિશ્ચલ નહિ હુઆ;
અંતકાલ રિપુ હો તમ જ્યારે, હાર ચલ્યો જૈસે જુહારી જુહા... ૧

આશા નિજ પાંચ પનિહારી, ઘટત નાંહિ કર્મજલ કુઆ;
કહે કબીર જેણે હરિ રસ લીધો, વોહી કે મુખ અમૃત ચુઆ ... ૨

## ૭૧. તુમ મેરી પ્રભુતા બહુત કરી રે

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૮૫)

તુમ મેરી પ્રભુતા બહુત કરી રે;
મહા પતિત આયો શરણાગત,
નીચ દશા લઈ ઉંચ ધરી રે ... ટેક

જન્મ મરણ સંતાપ આપદા, તુમ પરસત મેરી સબ હરી રે;
અષ્ટસિદ્ધ નવનિધિ મુક્તિ આદ દેહી,
કરજોડી રહી દ્વારે ખડી રે .....૧

તીન લોક ઔર ભુવન ચર્તુદશ, વેદ પુરાણે સહી પડી રે;
સુરદાસ અપને ભક્તન કો,
દેત પરમ સુખ ઘડી રે ઘડી .... ૨

## ૭૨. જબ તેં મન પ્રતીત ભયી

રાગ - બિલાવલ (નાદબ્રહ્મ પદ-૩૯૫)

જબ તેં મન પ્રતીત ભયી;
દિનદિન અવગુણ સુત ન લાગે,
બાઢ ન લાગી પ્રીત નયી ......... ટેક

સુરત નુરત દો જ્ઞાન ઝવેરી, નીરખી પરખ માન વસ્તુ લઈ;
થોડે સે વણજ બહુત ધન બાઢે,
ઉપજત લાગી લાલ ભયી ......... ૧

યહ સોદા કો મર્મ ન જાને, જો જાને સો હાટે સહી;
કહે કબીર સંત કે સંગત,
વિષ વિકાર સબ દૂર ગયી ........ ૨

# આશાવરીનાં પદો

## ૭૩. જેને બ્હાનુ શામળિયાનું

રાગ - નાની આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૦૦)

જેને બ્હાનુ શામળિયાનું, તેને જમ શું કરશે રે;
છાપા તિલક કંઠે તુળસીની માળા,
જમ જોઈ પાછા ફરશે રે .......... ટેક

અન્ય દેવના જે ઉપાસી, ન રહીએ તેની પાસે રે;
પોતે પાડે સામાને પાડે, સાંકુડા[૧] કહેવાયે રે ................. ૧

ઊઠતા બેસતા હસતા રમતા, મુખે હરિ હરિ કહેતાં રે;
જન્મો જન્મના પ્રાસિત[૨] જાશે,
જેના હરિ ચરણે ચિત્ત ઠરશે રે ......... ૨

જેને પ્રભુજીનું પુરણ સ્મરણ, તે નર દુઃખિયો ન હોય રે;
અનેક પતિત ઉધાર્યા[૩] આગે, ગાયા ને વળી ગાશે રે ..... ૩

જેને વર વર્યો વિઠ્ઠલજી, તેને બીજો વર કેમ ગમશે રે;
નરસૈંયાના સ્વામીની ભક્તિ વિના,
તે લક્ષ ચોર્યાશી ફરશે રે ... ૪

૧. દુષ્ટ     ૨. પાપ     ૩. બચાવ્યા અથવા ઉગર્યા

## **૭૪.** કબીર હરિરંગ લાગા હો

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૦૬)

કબીર હરિરંગ લાગા હો, તાસે મેરા મનકા ધોખા[૧] ભાગા હો;

કોઈ કહે હરિ જોગી જંગમ, કોઈ કહે કછુ નહિ;
હમ તુમ દેખો હૃદીયા ભીતર, તુમ દેખો સબ માંહી ..... ૧

અલખ રૂપ ગુણ લખ ન જાય, અંજન[૨] રાતા લોઈ[3];
એક વેળ મન દૃઢ કરી રાખો, તો નિશ્ચે દર્શન હોય ..... ૨

સેજ[૪] સુનમેં રૈન અમારી, તત્વ દેખી મન લાગા;
આપ મધ્યે આપહિ દેખા, ઇસવિધ સંશય ભાગા ......... 3

કહેત કબીર એકમત પાયા, કાયા નગર મોઝારી;
તુમ સાહેબ મેં સેવક તેરા, તારન તરન મોરારી ......... ૪

૧. ભ્રમ

૨. સુરમો

3. નાના લૂઓ 'અંજન રાતા લોઈ' એ શબ્દો સમગ્ર પદના અર્થ સાથે બંધબેસતા નથી. ક્ષેપક છે. અહીં 'કિસબિધ ગાવત કોઈ' એવા શબ્દો હોવા જોઈએ.

૪. સહજ

## **૭૫.** રામ રાય મનકી આશા પાઉં

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૦૭)

રામ રાય મનકી આશા પાઉં, તાસે કાયા નગર બસાઉ;

સોલા[૧] ખાઇ દશ દરવાજા[૨], બાવન[3] બન્યા હૈ કીંગોરા;
ત્રણસે સાઠ[૪] વાકો શિરા લગા, કોટ બન્યા ચોફેરા ....... ૧

પાંચ[૫] પ્રધાન કિયે વશ અપને, પ્રજા[૬] દુઃખી ન હોય;
ચેતન[૭] પુરુષ કરે કોટવાળી, નગર ન લુંટે કોઇ .......... ૨

ગઢ પર રાજા[૮] રાજ કરત હૈ, નિશદિન પૂરત દુહાઇ[૯];
કામ ક્રોધ દોઉં ગરદન મારે, ઐસી અદલ ચલાઇ ....... 3

જ્ઞાન ભંડાર ભરે ભરપૂર, કછુ ખર્ચો કછુ ખાઓ;
દાસ કબીર ચઢે ગઢ ઉપર, જીત નિશાન બજાઇ ......... ૪

૧. સોલા એટલે સોળ આની મતલબ કે ફરતે માયાની ખાય છે

૨. આંખ-૨, કાન-૨, નાક, મોઢું, ગુદા, મૂત્રપિંડ, દૂંટી ને બ્રહ્મરંધ્ર એ દસ કાણાં છે-દરવાજા છે.

3. પાંસળી, આંગળાં, હાથ, પગ, ખભા, મેરુદંડ, ગરદન, ખોપરીનાં કુલ મળી બાવન હાડકાંઓ

૪. ૩૬૦ મુખ્ય રક્તવાહિનીઓ

૫. પાંચ ઇન્દ્રિયો તે પાંચ પ્રધાન

૬. સત્તાવીસ હજાર કરોડ કોષો

૭. પ્રાણરક્ષક

૮. આત્મદેવ રાજા

૯. આણ વર્તે એટલે કે સત્તા વર્તે

## ૭૬. રાજા રામ જપો મેરે ભાઈ

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૦૯)

રાજા રામ જપો મેરે ભાઈ, જાકે ચૌદ લોક બડાઈ;

માગી મુક્તિ ભક્તિ ક્યોં ન માગી, ચિન્યા નહિ રઘુરાય;
જબ ચિન્યા તબ લેવા ન દેવા, સાધન કર લે ભાઈ ........ ૧

જબ હરિ જાણ્યા તબ મન માન્યા, મનષા ભોગ લગાઈ;
કોટિ કોટિ તીર્થ વ્રત કીના, એક સિદ્ધિ નવ પાઈ ............. ૨

કહેત કબીર એક સકલ સાધનમેં, જન્મો જન્મ ફરી આયા;
અબ તો સંત સંગત રૂચિ માંગુ, જેણે હરિજશ સુજશ સુનાયા ..3

## ૭૭. દેહડી થશે મિટ્ટી

રાગ - મોટી આશાવરી (નાદબ્રહ્મ પદ-૪૧૯)

દેહડી થશે મિટ્ટી, મુરખ તારી બુદ્ધિ ક્યાં નાઠી;

જીવ આયો તબ શું લાયો, જાશે ત્યારે નાગો;
નિર્લજ્જ તુજને લાજ નહિ, તને કોણ પહેરાવે વાગો[૧] ........ ૧

કુડ કપટ કરી બહું ધન સાંચ્યા[૨], સાંચ્યા ધન કોણ ખાશે;
જીવને જ્યારે જમ લઈ જાશે, ત્યાં કોણ વહારે ધાશે .......... ૨

વેઢ વીંટી બાજુબંધ બેરખા, કંઈ ન આવે તારી સાથ;
ચેતનારા ચેતો માનવી, જાવું છે જમને હાથ ..................... ૩

ઊંચા વાસ દેખી શું ફૂલ્યો, શું મોહ્યો સુંદર નારી;
નરસૈંયાના સ્વામીની ભક્તિ વિના, તને કોણ પમાડે મુક્તિ . ૪

૧. કપડાં   ૨. ભેગા કર્યા

# સારંગનાં પદો

## ૭૮. રામકો નિત્ય કીજે સુમરણ

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૦)

રામકો નિત્ય કીજે સુમરણ, રામકો નિત્ય કીજે;
નિર્મલ નિર્મલ પ્રેમ હરિરસ, સંત સંગત મિલી પીજે .......... ટેક

જૂઠી માયા મોહ વિષય રસ, મનકો ત્યાગી દીજે;
હૃદય કમલમેં નિશદિન હરિ હરિ, એહી વિલંબ ન કીજે ..... ૧

તન મન ધન સબ મનષા વાચા, રામ સમર્પણ કીજે;
કહેત કબીર ઔર નહિ માગું, ચરણ કમલ દત્ત દીજે ......... ૨

## ૭૯. રામ ભજન વિસરી હો ગયા

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૧)

રામ ભજન વિસરી હો ગયા, રામ ભજન વિસરી હો ગયા;
ગર્ભવાસમેં ભક્તિ કબુલી, બાહર આકે ક્યા કિયા ................ટેક

મહેલમેં બૈઠી મોજ નિત કરત હૈ, સોળશેં સાહેલીયાં;
પલમેં છોડ ચલ્યો ઠકુરાઈ, વેદ કોઉ ન કહૈ ઓ ................ ૧

જબ તેરો પંથીપંથ ચલેગો, સંગે સાથી કો ન લિયા;
કહેત કબીર રામ ભજો પ્રાણી, તનમન હરજીકો અર્પીઆ ..... ૨

## ૮૦. કાહે કો દેહ ધરી ભજન વિના

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૨)

કાહે કો દેહ ધરી ભજન વિના, કાહે કો દેહ ધરી;
ગર્ભ વાસમેં બહુત દુઃખ ભારી, બહાર કાઢો હરી ......... ટેક

કોલ વચન કરી બાહર આયો, વાકી બુદ્ધિ ફરી;
સંત સંગત તેં કબહુ ન કીની, દર્શન ડગ ન ભરી ....... ૧

હરિકી કથા તેં શ્રવણે ન સુની, પરનિંદા બહુત કરી;
કહેત કબીર સુનો ભાઈ સાધુ, જનુની ભારે મરી ......... ૨

## ૮૧. કાહે ન ભજે રે ગોપાલ મન તું

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૪)

કાહે ન ભજે રે ગોપાલ મન તું, કાહે ન ભજે રે ગોપાલ;
ઉલટ ક્યા ચલત હે બાવરે, છાંડ સકલ જંજાલ ....... ટેક

મૂછ મરોડ ને પાઘ સમારે, ચલત ટેઢી ચાલ;
જગ દ્વારે જબ લેખા લેગા, હોગા કૌન હેવાલ ........... ૧

ગર્ભવાસમાં રક્ષા કીની, બહુત કરી પ્રતિપાલ;
કહત કબીર રઘુનાથ ભજી લો, દીનાનાથ દયાલ ..... ૨

## ૮૨. મંદિર દેખ ડરે સુદામાજી

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૬)

મંદિર દેખ ડરે સુદામાજી, મંદિર દેખ ડરે
કહાં જો ગઈ મેરી તૃણ કી ઝુપડીયાં, તા ઘેર મહેલ ખડે રે... ટેક

પહેલે રે પ્હોરે હસ્તિ ઝૂલે, દૂજે તોરંગ ખડે રે
ત્રીજે રે પ્હોરે વસ્ત્ર જ ભારે[૧], ચોથે રત્ન જડે રે .................. ૧

જા ઘેર તાલ પખવાજ વાગે, તા ઘેર નૌબત[૨] વાજે
જા ઘેર રાગ છત્રીસ આલાપે, તા ઘેર સભર[૩] ભરે રે .......... ૨

ઇત ઉત જાત ફિરત હૈ સુદામા, મનમેં સોચ કરે રે
ધામ દેખી મન ચકિત ભયો હૈ, ડરી ડરી ડગલાં ભરે રે ..... ૩

મહલમેં બૈઠી નાગર બ્રાહ્મણી, પંડિત આયે ઘેર રે
સુરદાસ પ્રભુ અપને સખા કો, દારિદ્રય દુર કરે રે ............ ૪

૧. કિંમતી
૨. નગારાં
૩. સભર એટલે છલોછલ

## ૮૩. ગોવિંદ નામ ધર્યો કીન તેરો

રાગ - સારંગ (નાદબ્રહ્મ પદ-૪૨૮)

ગોવિંદ નામ ધર્યો કીન તેરો, ગોવિંદ નામ ધર્યો;
દ્રુપદસુતાકી લજ્જા રાખી, ચીર કો દાન કર્યો રે .......... ટેક

ચાર પદારથ[૧] દિયો હૈ સુદામા, તાંદુલ મુખમેં ધર્યો;
સાંદીપકો સુત આન[૨] દિયો હૈ, વિદ્યા પાઠ પઢ્યો રે ...... ૧

લેને રે દેને તું હરિ દાતા, મોંસે કછુ ના સર્યો;
સુરકી બેર કઠણ હોઇ બૈઠી, જન્મકો અંધ કર્યો રે ......... ૨

૧. ચાર પદાર્થો - ધર્મ, અર્થ, કામ ને મોક્ષ

૨. આણી આપ્યો અથવા લાવી આપ્યો

## ૮૪. ઘડી રે ઉપર ઘડીયારા વાગે

રાગ - ચરચરી (નાદબ્રહ્મ પદ-૩૧૭)

ઘડી રે ઉપર ઘડીયારા વાગે, ઉંમર ઓછી થાય;
આ અવસર છે હરિ ભજવાનો, કહો કેમ રહીએ સોઇ .......... ટેક

નાનાં થકી મોટેરા કીના, માતા મંગલ ગાય;
કાલ અવસર તો કોઇએ ન દીઠો, ઓચિંતો વળી આવે ....... ૧

જોબનિયાના મોજા[૧] ફોજા[૨], જાયે નગારાં દેતી;
અંતકાલ તો આવી મળશે, કોઇ ન શક્યો ચેતી ................. ૨

સંસાર સઘળો કાળે ખાધો, આખર આ વર કુડો[૩];
જમદૂત તો જોતા રહેશે, હરિને નામે છૂટો ........................ ૩

હરિને ભજીએ હરિશું તરીએ, નરહરિજીને નમીએ;
લાજ કાજ તો લક્ષ્મીવરને, રમાડે તેમ રમીએ ................. ૪

હરિને ભજીએ બીજું તજીએ, માયા મોટી ખાઇ;
દેખત દેખત ડુબકાં મારે, દુનિયા ડૂબી મૂઇ ...................... ૫

આ અવસર છે હરિ ભજવાનો, જો જો મન વિચારી;
સર્જનહારનું સ્મરણ ભૂલ્યો, જીતી બાજી[૪] હારી ................. ૬

કોઇએ બાળી કાયા કોઇએ ગાળી, કોઇએ કાયા દાટી;
પવન ભેગો પવન થાશે, મિટ્ટી ભેળી મિટ્ટી ............. ૭

નરસૈંયાનો સ્વામી શામળિયો, વેદ પુરાણે સાચો;
જમના[૫] શિર પર પગલું દઇને, વેગે વૈકુંઠ જાશો ..... ૮

૧ ને ૨. જુવાનીના મદના ઉછાળાઓ, મસ્તીઓ વગેરે
૩. ખરાબ
૪. મનુષ્ય દેહ મળ્યાની બાજી હારી ગયો
૫. યમદૂતના

## ચરચરીનું પદ

આ પદ કેટલીક જગ્યાએ પ્રભાતી રાગમાં ગવાય છે. આપણે ત્યાં વિશેષ પ્રસંગે જ એનો ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને મરણ પ્રસંગે કે જ્યારે ડાઘુઓ સ્મશાનેથી પાછા ફરે અને ગૃહપ્રવેશ કરે ત્યારે આ પદની શરૂઆત કરવામાં આવે છે.

## ૮૫. જોબનિયાને જોરે તું તો

રાગ - ચરચરી (નાદબ્રહ્મ પદ-૩૧૮)

જોબનિયાને જોરે તું તો, ગોવિંદ ગુણ ન ગાવે;
આજકાલ કરતાંલ ઝાંઝરીઆ[૧], કાળ ઓચિંતો આવે ......... ટેક

સાજ ઘટે સાધન નવ કીધાં, ધામ ધુમ મેં ફસાયો;
મંદિર મેં પાવક પ્રજળ્યો[૨], કૂપ ખણાવવા[૩] લાગ્યો ............ ૧

સંસાર સઘળો તું ભમી આવ્યો, જીવ તું હજીએ ન ચેત્યો;
ઘટમેં ઘાવ પડ્યો ગડગડિયો[૪], મુરખ મન પસ્તાય .......... ૨

શ્યામ સરોવર ઝીલવા પેઠા, વિષયા પાર ન પાવે;
બુડતો જીવડો વલખા[૫] મારે, તરવા તુમડાં વાવે .............. ૩

સાજે સરોવર પાર ન બાંધી, હરિ ભજી ભલો ન કહાવ્યો;
ભણે નરસૈંયો જ્યારે ભોમ ધરી ત્યારે, મુખે રામ ન આવ્યો... ૪

૧. પગમાં પહેરવાનું આભૂષણ

૨. સળગ્યો

૩. ખોદાવ્યા

૪. ભયાનક

૫. પ્રયત્ન-ફાંફા

## ૮૬. કહો ભાઈ રૂડું તેં શું કર્યું

(નાદબ્રહ્મ પદ-૮૨૮)

કહો ભાઈ રૂડું તેં શું કર્યું, પામ્યો મનુષ્ય દેહ;
હરિ રસ પ્રેમે પીધો નહિ, હરિ સંગ કર્યો ન સ્નેહ ........ ટેક

રમતાં તે દહાડાં નિર્ગમ્યા, જ્યાં લગી હતો તું બાળ;
ધ્રુવની પેરે સેવ્યો રે, દીનાનાથ દયાળ .................... ૧

નાના થકી પરણાવ્યા રે, નાંખ્યો માયાની જાળ;
મહાજુગ મોહ્યો નાથદી રે, ત્યાંથી ભજો રે ગોપાળ ...... ૨

સાચાં જૂઠા તેં બહુ કર્યાં રે, એમ કર્યું એકત્ર દ્રવ્ય;
હતું છતા પણ વાપર્યું નહિ, નહિ થયું પુન્ય ને દાન .... ૩

મરતાં દીઠાં રે અતિ ઘણા, અમર રહ્યું નહિ કોઈ;
સહુદેવ જ્યાં ઉડી ગયા, હૃદયે વિચારી જોઈ ............ ૪

એક દિન એવો આવશે, દીવડો વાએ ઓલવાય;
એવું જાણી ભજો ભગવાન, આત્મા સાધન થાય ........ ૫

જે જ્યાં હતું તે ત્યાં રહ્યું, સાથે આવ્યું ના કાંઈ;
ભાલણના સ્વામી સંદેશો કહી ગયાં રે,
ભાઈઓ પામો સાધન ... ૬

## ૮૭. નોતરૂં મારે નારાયણનું

(નાદબ્રહ્મ પદ-૮૩૬)

નોતરૂં મારે નારાયણનું, અંતકાળે હરિ આવો;

સારંગ ધરજો વેળાએ વરજો, વેળાએ વાર ન લાગે;
સારાં કર્મ તમે જે કર્યા, તેની ગાંઠલડી શિર બાંધી ..... ૧

ગોપી ચંદન તિલક તુલસીને, નામ નારાયણ બાનુ;
વિપરીત કર્મે કંઠ વિરોધ્યો ને, સગાં થજો રઘુનાથ .... ૨

ઘોડલે ચઢી ગોવિંદજી આવ્યાં, સાર્યા સેવકના કામ;
મોરલી વગાડતાં મોહનજી, આવ્યાં ગોવિંદદાસ ....... ૩

## ૮૮. અંતર્યામીને નથી અજાણ્યું

(નાદબ્રહ્મ પદ-૮૩૮)

અંતર્યામીને નથી અજાણ્યું, મને માને તેમ મ્હાલો;
કર્યાં કર્મ ભોગવવા પડશે, જોઈ વિચારી ચાલો ............... ટેક

પાપ પુન્યના બે માર્ગ મોટાં, જે ગોઠે તેણે જાય;
હરિને ઘેર હિસાબ જ થશે, નથી કોઈ વેરી ને વ્હાલા ....... ૧

જોર કરી જીવ બોલાવવો બેઠો, જો મારી અવસ્થાની હેલી;
જોર કરી જીવ બોલતો નથી, ફેરા ફર્યા વણ ઠાલી ........... ૨

આવ્યો જીવ ત્યારે મુઠી વાળી, ચઢ્યો તેમ જમને હાથે;
પીળાં પીતામ્બર પહેરવા મુક્યા, લોક મળે ને કોળ લાજે .. ૩

કાશી ને વાટે તન વેચાયા, નીચ ઘેર પાણી ભર્યાં;
વાણી જ કીધાં વ્યાપાર કીધાં, અગ્નિ કહે એ તન મારૂં;
છાપા તિલક કંઠે તુલસીની માલા, ગાયે કબીર જનદાસ .... ૪

## **૮૯. ॐ તત્સત્ શ્રી નારાયણ તું**

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૭૦)

ॐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું;
સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક, સવિતા પાવક તું.

બ્રહ્મ મજદ તું, યહ્વ શક્તિ તું, ઈશુ પિતા પ્રભુ તું
રુદ્ર વિષ્ણુ તું, રામ-કૃષ્ણ તું, રહીમ તાઓ તું.

વાસુદેવ ગો-વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તું;
અદ્વિતીય તું, અકાલ નિર્ભય આત્મ-લિંગ શિવ તું

ॐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું;
સિદ્ધ બુદ્ધ તું, સ્કન્દ વિનાયક, સવિતા પાવક તું.

## ૯૦. સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે

રાગ - સોરંગી

જીરે સત્યનામ સદ્‌ગુરુ કબીર હૈ પ્યારે
જીરે હે નાથ સદ્‌ગુરુ મેં શરણ તુમ્હારે

જીરે પ્રભુ તારે દ્વારે આવ્યો એ આત્મા,
એને શાંતિ આપો હે પરમાત્મા
જીરે આજ અમે કરીએ છે તારી પ્રાર્થના,
શાંતિ આપો હે પરમાત્મા ...એ આત્માને

જીરે જન્મો જન્મનાં ફેરા ટાળો,
એને મુક્તિ આપો હે પરમાત્મા
જીરે એને માટે ઉઘાડો મોક્ષની બારી,
શાંતિ આપો હે પરમાત્મા ...એ આત્માને

## ૯૧. આનંદ મંગલ કરું આરતી

(નાદબ્રહ્મ પદ-૫૫)

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરૂ સંતની સેવા;
પ્રેમ ધરી મારે મંદિરે પધરાવું, સુંદર સુખડા લેવા .......... ટેક

કોટિ તીર્થ સંતન કે ચરણે, ગંગા જમના રેવા;
ત્રિભોવન તારણ જગત ઉદ્ધારણ, મૂર્તિ અકલ અભેવા ..... ૧

રત્નકો ભવન બાહર ભીતર, આનંદ રુપી એવા;
કહે પ્રીતમ ઓળખ અનુસારા, હરિજન તે હરિ જેવા ......... ૨

## ૯૨. આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો

રાગ - ધોળ, વેદ પુરાણ

આટલો સંદેશો મારા સદ્‌ગુરૂને કહેજો, સેવકના હૃદિયામાં રહેજો
કાયાના દેવળ અમને કાચા રે લાગે, તેનો ભરોસો અમને દેજો ... ટેક

કાયા પડશેને હંસા ક્યાં જઇ સમાશે, તે ઘર બતલાવી અમને દેજો
બ્રહ્મ સ્વરૂપ મારી નજરે ના આવે, તેના તે દર્શન અમને દેજો ... ૧

જન્મો જન્મ મારા હૃદિયામાં રહેજો, એવી તે વૃત્તિ અમને દેજો
ધર્મદાસની અરજી સુણો રે ગોસાઇ, ભક્તિને મુક્તિ અમને દેજો ... ૨

## ૯૩. હું તો હરજી જોવાને નિસરી

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૭૭)

હું તો હરજી જોવાને નિસરી, મારા ગુરુજીએ દીધો ઉપદેશ
વ્હાલાજીને નીરખવા.... ટેક

મારે શીલ સંતોષ કલ્લાં કાંબી, મારે ઝાંઝર પ્રેમ વૈરાગ્ય ........... ૧

મેં તો શ્યામ સોનાનું લીધું બેડલું, છોડી ચાલ્યાં ઘરનાં કામ ....... ૨

વ્હાલે બંસી બજાવે એના રંગમાં, મારા ઘરમાં ઘડી ન રહેવાય ...૩

વ્હાલો શેરીમાં સામો મળ્યો, હું તો લળી લળી લાગું પાય ......... ૪

વહાલે ચુંદડી ઓઢાડી પાકા રંગની, છેડે આત્મારામનો રંગ ....... ૫

હું તો ભર્મે ભૂલી સેંથો પૂર્યો, પૂરી દાસ ગોપાલની આશ ............ ૬

## ૯૪. તું તો રામ રટણ કર રંગમાં

રાગ - ધોળ (નાદબ્રહ્મ પદ-૭૮૧)

તું તો રામ રટણ કર રંગમાં,
તારું જાય છે જુવાનીનું જોર
અવસર આવો નહિ મળે ...ટેક

જીરે કાચો કુંભ જલે ભર્યો,
તેને ફૂટતાં નહિ લાગે વાર ............. ૧

જીરે કાચા સુતરનો તાંતણો,
તેને તૂટતાં નહિ લાગે વાર ............. ૨

જીરે વાડી ખીલીને ફૂલ્યો મોગરો,
તેને કરમાતાં નહિ લાગે વાર .......... ૩

જીરે બાજીગરે બાજી રચી,
એને સમેટતાં નહિ લાગે વાર .......... ૪

જીરે પાંચ તત્વનું પૂતળું,
માંહી બોલન હારો રામ .................... ૫

જીરે ગગન મંડળમાં ચોરી રચી,
ત્યાં પરણે છે આત્મારામ .................. ૬

જીરે દાસ પ્રીતમની વિનંતિ,
અમને મળ્યા છે સતગુરૂ શ્યામ ......... ૭

## **૯૫.** જીવ તું કહાંસે આયો

રાગ - મંગલ (નાદબ્રહ્મ પદ-૮૦૦)

જીવ તું કહાંસે આયો, કહાં ચલ જાયેગો;
જીવ તું કર લે પહિચાન, મુએ પસ્તાયેગો ..... ટેક

સત્ય લોકસે આયો, ત્રિગુણમેં સમાય રહ્યો;
ભૂલ ગયો વો દેશ, માયામેં લપટાય રહ્યો ..... ૧

નહિ તેરો ગામ ને ઠામ, નહિ પુર પાટણ;
હૈ રે બટાવલું લોક, નહિ કોઇ આપણાં ......... ૨

કહે કબીર વિચાર, હંસા મંગલ ગાવહી;
હંસ ગયે સતલોક, બહોર નહિ આવહી ........ ૩

## ૯૬. સમજ-સુમરત સત્નામ

રાગ - મંગલ

સમજ-સુમરત સત્નામ, જીવગત પાઇએ
નહિ રે અન્ય ઉપાય, ચરણ-ચિત લાઇએ .......... ટેક

જ્યાં સતગુરૂકો સ્થાન, તહાં ચલી જાઇએ
ખુલેગા જ્ઞાન કે નૈન, ધ્યાન ધર ધાઇએ ........... ૧

કહેત કબીર સત્નામ, જીવગત પાઇએ
અવિગત અલખ લખાઈ, નિરખી સબ નાહિયે .... ૨

## ૯૭. મૃત્યુ એ તો નિર્મિત છે સંસારમાં

મૃત્યુ એ તો નિર્મિત છે સંસારમાં
નિમિત્ત એનું કંઈક ને કંઈક અપાય છે.

સૃષ્ટિના ક્રમ અટકાવ્યા અટકે નહિ,
બનવાનું તે સદાય બનતું જાય જો.

સ્નેહ એટલું, દુઃખ હૃદયમાં લાગતું,
દહાડા જાતા દુઃખ ને પણ ભૂલાય જો.

'પુનિત' પગલાં માંડે છે જન્મ્યા પછી,
વારા ફરતી વારો આવી જાય જો.

-સંત પુનિત

## ૯૮. યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના

યાત્રાના આરંભે કરીએ પ્રાર્થના
સાથી બનજો યોગેશ્વર પરમાત્મા.

સર્વ દેવ-દેવી અનુકૂળતા આપજો,
યોગેશ્વર પ્રભુ સઘળા સંકટ કાપજો.

જીવનની મંગલ યાત્રામાં પધારજો,
સુખ, શાંતિ, સંતોષની મૂડી વધારજો.

નિંદ્રા, આળસ, ક્રોધ ને થાક હઠાવજો,
સંસારી બંધનને સહેજે ભૂલાવજો.

ગૃહસ્થીઓને સજ્જન સાચા બનાવજો,
ઉદારતા વળી પવિત્રતાને વધારજો,

પરમાનંદે સૌને મગ્ન બનાવજો,
સૌને આપના શ્રી ચરણોમાં રાખજો.

હરિના સ્મરણે સૌને મસ્ત બનાવજો,
જીવનયાત્રા પૂર્ણપણે શણગારજો.

સર્વેશ્વરીની વિનંતી પ્રેમે સ્વીકારજો,
જીવનયાત્રા સૌની સફળ બનાવજો.

**-મા સર્વેશ્વરી**

## ૯૯. અસત્યો માંહેથી ...

અસત્યો માંહેથી પ્રભુ ! પરમ સત્યે તું લઈ જા,
ઊંડા અંધારેથી, પ્રભુ ! પરમ તેજે તું લઈ જા.

મહામૃત્યુમાંથી, અમૃત સમીપે નાથ લઈ જા,
તું-હીણો હું છું તો, તુજ દરસનાં દાન દઈ જા.

પ્રભુ અંતર્યામી, જીવન જીવના દીન શરણા,
પિતા માતા બંધુ, અનુપમ સખા હિત કરણા.

પ્રભા કીર્તિ ક્રાંતિ, ધન વિભવ સર્વસ્વ જનના,
નમું છું વંદુ છું, વિમળમુખ સ્વામી જગતના.

થતું જે કાયાથી, ઘડીક ઘડી વાણીથી ઊચરું,
કૃતિ ઇંદ્રિયોની, મુજ મન વિષે ભાવ જ સ્મરું.

સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું,
ક્ષમા દ્રષ્ટે જોજો, તુજ ચરણમાં નાથજી ધરું.
- ન્હાનાલાલ

## ૧૦૦. ૐ જય જગદીશ હરે

ૐ જય જગદીશ હરે, પ્રભુ જય જગદીશ હરે
ભક્તોજનો કે સંકટ, ક્ષણમેં દૂર કરે
...ૐ જય જગદીશ હરે ૧

જો ધ્યાવે ફલ પાવે, દુઃખ વિનસે મનકા
સુખ સંપતિ ઘર આવે, કષ્ટ મીટે તનકા
...ૐ જય જગદીશ હરે ૨

માત પિતા તુમ મેરે, શરણ ગ્રહું કીસકી
તુમ બીન ઔર ન દુજા, આશ કરું જીસકી
...ૐ જય જગદીશ હરે ૩

તુમ પુરણ પરમાત્મા, તુમ અંતરયામી
પરમબ્રહ્મ પરમેશ્વર, તુમ સબકે સ્વામી
...ૐ જય જગદીશ હરે ૪

તુમ કરુણા કે સાગર, તુમ પાલનકર્તા
મેં બાલક અજ્ઞાની, કૃપા કરો ભર્તા
...ૐ જય જગદીશ હરે ૫

તુમહો એક અગોચર, સબકે પ્રાણ પતિ
કિસ વિધ મિલું દયામય, તુમકો મેં કુમતિ
...ૐ જય જગદીશ હરે ૬

દિન બંધુ દુઃખ હરતા, (પ્રભુ) રક્ષક તુમ મેરે
કરુણા હસ્ત બઢાવો, શરણ પડું તેરે
...ૐ જય જગદીશ હરે ૭

વિષય વિકાર મિટાવો, પાપ હરો દેવા
શ્રદ્ધા ભક્તિ બઢાવો, સંતનકી સેવા
...ૐ જય જગદીશ હરે ૮

## **૧૦૧. ૐ જય કાના કાળા**

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૬૧૩)

ૐ જય કાના કાળા, ૐ જય કાના કાળા
મીઠી મોરલી વાળા, ગોપીના પ્યારા..... ૐ જય કાના કાળા

કામણગારા કહાન, કામણ કંઈ કીધા
માખણચોરી મોહન, ચિત્ત ચોરી લીધા... ૐ જય કાના કાળા

નંદ યશોદા ઘેર વૈકુંઠ ઉતારી
કાલીય મર્દન કીધું, ગાયોને ચારી........ ૐ જય કાના કાળા

ગુણ તણો પાર કેમે નહિ આવે
નેતી વેદ પૂકારે, પુનિત શું ગાવે.......... ૐ જય કાના કાળા

## **૧૦૨. શ્રી રામકબીર ભગવાન**

(નાદબ્રહ્મ પૃષ્ઠ-૫૯૦)

શ્રી રામકબીર ભગવાન પ્રભુ રામકબીર ભગવાન
આરતી કરીએ તમારી (૨) દેજો ભક્તિજ્ઞાન
... ૐ શ્રી રામકબીર ભગવાન ૧

ચૌદસો છપ્પન સંવત જેઠ સુદી પૂનમ, પ્રભુ
કાશીમાં લહર તળાવે (૨) પ્રગટ્યા પૂરણ બ્રહ્મ
... ૐ શ્રી રામકબીર ભગવાન ૨

નીરૂ-નિમાઈને ત્યાંહી દોહી છોટી ગાય, પ્રભુ
રામાનંદ ગુરુ કીધાં (૨) રામમંત્ર પાય
... ૐ શ્રી રામકબીર ભગવાન ૩

મહાન કીધો સિકંદર દિલ્હીનો બાદશાહ, પ્રભુ
શેખ તકીને નાથ્યો (૨) હિન્દુ રક્ષણરાહ
... ૐ શ્રી રામકબીર ભગવાન ૪

સમુદ્ર જોરથી ત્રાટક્યો જગન્નાથપુરી માંહી, પ્રભુ
સ્થપાવ્યા કૃષ્ણ પ્રભુને (૨) પૂર્વધામ ચાહે
... ૐ શ્રી રામકબીર ભગવાન ૫

માગસર સુદી અગિયારસ પંદરસો પચ્ચોતેર, પ્રભુ
સત્યલોક પધાર્યા (૨) શાપ ટાળી મગહર
... ૐ શ્રી રામકબીર ભગવાન ૬

સત્ય, અહિંસા, એકતા એક પરમેશ્વર વાદ, પ્રભુ
વિશ્વબંધુત્વની ભાવના (૨) સ્થાપી બ્રહ્મનાદ
... ૐ શ્રી રામકબીર ભગવાન ૭

આરતી રામકબીરની જે કોઈ ગાશે, પ્રભુ
કહે દયારામ સ્વામી (૨) મોક્ષ ભાથું થાશે
... ૐ શ્રી રામકબીર ભગવાન ૮

શ્રી રામકબીર ભગવાન પ્રભુ રામકબીર ભગવાન
સત્યલોક નિવાસી (૨) સતમતના કરનાર
... ૐ શ્રી રામકબીર ભગવાન ૯

## **૧૦૩.** સાહેબ આરતી કરીએ તમારી

સાહેબ આરતી કરીએ તમારી, સદ્‌બુદ્ધિ દો સારી ... રામા

સત્ય-લોકના છો તમો સ્વામી, પુરણ-બ્રહ્મ અવિનાશી .... ૧

લહર સરોવર નગરી કાશી, પ્રગટ્યા અંતરયામી .......... ૨

કામ, ક્રોધ, મદ, લોભની આંધી, દીધી પળમાં મીટાવી .... ૩

સંત-સમાગમ, હરિ ભજનની, અખંડ જ્યોત જગાવી ...... ૪

લક્ષ ચોર્યાસીની તોડી બેડી, કીધાં અખંડ સોહાગી .......... ૫

સાહેબ નામની ધૂણી ધગાવી, અવિચળ વાટ બતાવી ..... ૬

સત્ય સનાતન પુરણ-બ્રહ્મની, અખંડ પ્રીતિ જગાવી ........ ૭

વાસ વસો મુજ હૃદય કમળમાં, મનોહર મૂર્તિ તમારી ...... ૮

અવગુણ દોષ નિવારી સ્વામી, રાખો શરણ તમારી ........ ૯

સાહેબ નામ હૃદયમા ગુંજે, સત્ય નામની વાણી ............ ૧૦

ભગત માગે ભક્તિ હરિની, કબીર ભરી દો ઝોળી .......... ૧૧

# આરતી એટલે શું?

આ + રતી. રતી એટલે પ્રેમ. આ એટલે સમગ્ર, મનનો સમગ્ર પ્રેમ ઈશ્વર તત્વમાં કેન્દ્રિત થાય ને જે પ્રાર્થના થાય તે આરતી કહેવાય. અત્યારે આપણા મનની સ્થિતિ જુદી જ છે. મનનો સમગ્ર પ્રેમ ઈશ્વરમાં કેન્દ્રિત નથી. થોડો પ્રેમ માલમિલકત તરફ, થોડો મોહ ને મમતા તરફ, થોડો માનમરતબા વધે તેવી કામના તરફ ને થોડો સુખેથી જીવવા તરફ મનનો પ્રેમ વહેંચાયેલો હોય છે. કયારેક ઈશ્વર તરફ પ્રેમ જાગે છે પણ માલમિલકત કે પુત્ર પૌત્રાદિ જેટલો તો નહીં જ. એટલે આપણી પ્રાર્થના સાચા અર્થમાં આરતી બની શકતી નથી. આપણી પ્રાર્થનામાં પ્રેમભાવની અધૂરપ રહેલી છે. આપણે મોભો સાચવવા પ્રણાલિકા સાચવવા કે ખરાબ દેખાય નહીં તેટલા ખાતર પ્રાર્થના કરતા હોઈએ છીએ.

સાચી આરતથી કરવામાં આવતી પ્રાર્થનાને આરતી કહેવામાં આવે છે. આરતીમાં તો પ્રભુના ગુણગાન જ કરવામાં આવે છે. આરતી માટે કોઈ ચોક્કસ વિધિવિધાન નિયત કરવામાં આવ્યા નથી, હૃદયમાં પ્રભુ માટે પ્રેમ ન હોય, પ્રભુને પામવાની ઝંખના ના હોય તો આરતી યંત્રવત્ બની જાય છે. પછી ગમે તે વિધિથી આરતી કરવામાં આવતી હોય તેનો અર્થ શો? માટે લગની, આરત, આરતી માટે જરૂરી છે.

**– ઈશ્વરભાઈ પરમાર્થી (કપુરા)**

## ૧૦૪. આનંદ મંગલ કરું આરતી

આનંદ મંગલ કરું આરતી, હરિ ગુરુ સંતની સેવા

પ્રેમ ધરીને મારા મંદિરે પધારો, સુંદર સુખડા લેવા ....... ૧

મારે આંગણિયે તુલસીનો ક્યારો, શાલિગ્રામની સેવા ...... ૨

રત્ન સિંહાસન આપ બિરાજો, દેવાધિ છો દેવા રે ........... ૩

કાને કુંડળ માથે મુગુટ, પ્રગટ્યા દર્શન દેવા ................ ૪

રામ, લક્ષ્મણ, ભરત શત્રુઘ્ન, ચારેય ભાઈઓની સેવા ... ૫

સંત મળે તો મહાસુખ પામું, ગુરુજી મળે તો મેવા ......... ૬

અડસઠ તીરથ સંતને ચરણે, ગંગા જમુના રેવા ........... ૭

ત્રિભુવન તારણ ભક્ત ઉધ્ધારણ, આવો દર્શન દેવા ....... ૮

માખણ મિસરી મધુફળ લાવી, આરોગો મીઠા મેવા ........ ૯

કહે પ્રીતમ એવા હરિ ગુણ ગાયે, હરિના જન હરિ જેવા ... ૧૦

# Ramkabir Bhajans

**BOOKS • AUDIOS • VIDEOS**

RamkabirBhajans.org વેબસાઇટ ઉપર આપ રામકબીર ભક્ત સમાજના પારંપરિક ભજનોનાં લગભગ ત્રણસો જેટલા ઑડિયો અને એક હજારથી વધુ વિડીયો યુટ્યુબ ચેનલ દ્વારા માણી શકશો. કબીર સાહેબના સાહિત્ય પર જાણીતા તજજ્ઞ શ્રી ઈશ્વરભાઈ પરમાર્થી (કપુરા) લિખિત **કબીર ભજન સુધા**, **કબીર પદ સુધા**, **કબીર રમૈની સુધા**, **કબીર સાખી સુધા**, **કબીર શબ્દ સુધા** જેવા ઉપયોગી ગ્રંથો ઉપરાંત **નાદબ્રહ્મ**, **અમર વારસો**, **અનંત સૂર** વિગેરે ભજનના ગ્રંથો PDF ફોરમેટમાં વાંચન તથા ડાઉનલોડ માટે વેબસાઇટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**::: Website :::**
http://ramkabirbhajans.org

**::: YouTube channel :::**
https://www.youtube.com/@ramkabirbhajans

**::: Facebook group :::**
https://www.facebook.com/groups/RamkabirBhajans

## નાદબ્રહ્મ
## Nadbrahma

## અનંત સૂર
## Anant Soor



# ઈશ્વરભાઈ પરમાર્થી (કપુરા) નાં ગ્રંથો




કબીર રમૈની સુધા

કબીર પદ સુધા

કબીર શબ્દ સુધા

કબીર સાખી સુધા

કબીર ભજન સુધા

જ્ઞાન ગુદડી

સંત નિર્વાણ સાહેબ





Website

Facebook group

YouTube channel

## Traditional Bhajans of Bhakta Samaj




with
English
Transliteration
and
Translation